

તુઝ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો,
હો શિવપદ તક તુઝ સંગ, માતા ! હાથ ગ્રહો.

## જન્મજયન્તી-વિશેષાંક

કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૩૪) * આત્મધર્મ * (અંક-૨ વર્ષ-૫૩) વીર સં. ૨૫૨૨ ઓગસ્ટ, ૧૯૯૬

શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી–પરિવાર દ્વારા સાનંદોલ્લાસ
આયોજિત
[ હસ્તે શ્રી લાભકુંવરબેન ચીમનલાલ મોદી ]
સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

# 卐 ૮૩મો મંગલ જન્મોત્સવ 卐

[ તા. ૨૩–૮–૯૬ થી ૩૦–૮–૯૬ ]

સ્વાનુભવમુદ્રિત–અધ્યાત્મમાર્ગોદ્યોતક પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તરત્ન સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો આપણા મુમુક્ષુસમાજ ઉપર, પોતાના દિવ્ય "જ્ઞાનવૈભવ" દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવિ–તીર્થંકરદ્રવ્યરૂપ અનુપમ મહિમાને પ્રકાશિત કરવારૂપ મહાન ઉપકાર છે. લોકોત્તર ગુરુમહિમા તેમ જ સ્વાનુભૂતિપથપ્રદર્શક તેઓના અનેકવિધ ઉપકાર-કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરે છે. આપણી તે ઉપકૃતતાભીની ભાવનાઓને વિશેષ દૃઢ કરવા માટે પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની કલ્યાણ-વર્ષિણી ૮૩મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ, અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં, શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી–પરિવાર હસ્તે શ્રી લાભકુંવરબેન ચીમનલાલ મોદી દ્વારા, તા. ૨૩–૮–૯૬, શુક્રવારથી તા. ૩૦–૮–૯૬, શુક્રવાર—આઠ દિવસ સુધી 'શ્રી જિનસહસ્રવસુનામ મંડલ-વિધાનપૂજા', અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના, દેવગુરુભક્તિ ઇત્યાદિ વિવિધ રોચક કાર્યક્રમ સહ અત્યંત આનંદોલ્લાસથી ઉજવવામાં આવશે.

આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની દેવગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં ઉજવાનારા આ જન્મોત્સવમાં કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક આધ્યાત્મિક ટેપ–પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, મંડલવિધાનપૂજા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ આદિ દ્વારા અધ્યાત્મજ્ઞાન ઉપાસનાનો વિશેષ લાભ પ્રાપ્ત થશે. આ જન્મોત્સવના આઠે દિવસ માટે બહારગામથી પધારેલાં મુમુક્ષુમહેમાનો માટે આવાસ તેમ જ ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

સૂચના :—મંડલવિધાનપૂજનનો પ્રારંભ તા. ૨૧–૮–૯૬ના બદલે તા. ૨૩–૮–૯૬થી જ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

—*—

કહાન
સંવત-૧૬
વર્ષ-૫૩
અંક-૨
[૬૩૪]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૨
સં. ૨૦૫૨
August
A.D. 1996

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## મુક્ત સ્વભાવની દૃષ્ટિ થતાં મુક્તિ થાય જ

(''બહેનશ્રીનાં વચનામૃત'' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(ટેપમાંથી પ્રથમવાર લિપિબદ્ધ કરેલાં બીજી વખતનાં સળંગ પ્રવચનનો નં. ૭)

આ વચનામૃતનો ૮૧મો બોલ છે.

**જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ–કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.**

જેમ સ્ફટિકમણિ સ્વભાવે તો નિર્મળ છે પણ તેની પર્યાયમાં એવી યોગ્યતા છે કે લાલ-કાળા ફૂલની ઝાંય સ્ફટિકમાં પડે છે. બાજુમાં ફૂલ પડ્યા હોય તો તેની પાસે પડેલા પથ્થરમાં ફૂલના રંગની ઝાંય પડતી નથી પણ સ્ફટિકમાં પડે છે કેમ કે સ્ફટિકમાં એવી યોગ્યતા છે. તેથી લાલ કે કાળા ફૂલના સંયોગથી સ્ફટિક લાલ કે કાળું દેખાય છે પણ સ્ફટિક પોતે સ્વભાવથી લાલ કે કાળું થઈ જતું નથી, નિર્મળ જ રહે છે; તેથી કહ્યું છે કે :—

**'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે,**
**શ્રી જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ.'**

જુઓ! કષાયના અભાવમાં ભગવાને ધર્મ બતાવ્યો છે અર્થાત્ વીતરાગી પર્યાય પ્રગટ કરવાથી ધર્મ છે એમ કહ્યું છે.

પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથામાં કહ્યું છે કે ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. વીતરાગતા તે પર્યાય છે. તે વીતરાગ સ્વભાવમાંથી પ્રગટ થાય છે. એક સમયની પર્યાયમાં રાગ છે તેને બાદ કરો તો દ્રવ્ય ગુણ તો નિર્મળ આનંદકંદ છે. તેમાં રંગ કે રાગાદિ કાંઈ નથી. આવા નિર્મળ સ્વભાવમાં દૃષ્ટિ કરતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. આ વીતરાગતા જ ચારેય અનુયોગનો સાર છે. કથાનુયોગમાં ભલે વ્યવહાર કહ્યો હોય પણ તેમાં પણ સારભૂત તો વીતરાગતા જ કહી છે.

ચારેય અનુયોગના સારભૂત વીતરાગતા શેમાંથી પ્રગટ થાય? કે–આત્મા વીતરાગસ્વરૂપ છે તેમાંથી વીતરાગતા પ્રગટ થાય છે. માટે, ચારેય અનુયોગ એ કહે છે કે, તું વીતરગસ્વભાવનો આશ્રય લે. જુદાં જુદાં કથનો ગમે તે પ્રકારે હો....પણ, સાર તો વીતરાગતા છે. ચોથા ગુણસ્થાને સમ્યક્ત્વની સાથે વીતરાગતાનો અંશ પણ પ્રગટ થઈ જાય છે. અનંત ગુણોની અંશે વ્યક્તતા થાય છે. અનંતગુણ ઉપર દૃષ્ટિ આપતાં અનંતગુણની વ્યક્તતા પ્રગટે છે, એક જ ગુણની પર્યાય પ્રગટે છે એમ નથી. અનંતગુણની પર્યાય એક જ સમયમાં પ્રગટે છે. જેટલા આત્મામાં ગુણ છે તે બધાં ગુણની પર્યાય વ્યક્ત થાય છે.

આત્મામાં એક અયોગ નામનો ગુણ છે તેની પણ અંશે વ્યક્તતા સમ્યક્ત્વની સાથે જ થઈ જાય છે.

જેમ, લાલ દેખાવા છતાં સ્ફટિક લાલ રંગે રંગાઈ ગયો નથી તેમ, પુણ્ય, પાપ, રાગ-દ્વેષની ઝાંય પર્યાયમાં પડે છે પણ આત્મા પોતે પુણ્ય–પાપ કે રાગ–દ્વેષભાવે રંગાઈ જતો નથી. વસ્તુ તો સ્ફટિકની જેમ નિર્મળ જ રહે છે અને પર્યાયમાં નિર્મળતા અને વીતરાગતાનો પ્રથમ અંશ સમ્યગ્દર્શનથી શરૂ થાય છે. વીતરાગસ્વરૂપ આત્માનું અવલંબન લે અને પર્યાયમાં વીતરાગતાનો અંશ ન પ્રગટે એમ કેમ બને? અંશે વીતરાગતા વિના ચોથું ગુણસ્થાન ન હોય. અજોગ ગુણનો પણ અંશ પ્રગટ થઈ જાય છે, તેની પૂર્ણતા તો ચૌદમા ગુણસ્થાને થાય છે પણ ચોથા ગુણસ્થાને પ્રગટી જાય છે. કેમ કે 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' છે. આત્મામાં જેટલાં

ગુણ છે તે બધાંનો એક અંશ વ્યક્ત થાય તેનું નામ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વમાં એક જ પર્યાય પ્રગટ થાય છે—એમ નથી. સમકિતમાં શ્રદ્ધાની, જ્ઞાનની, આનંદની, શાંતિની, વીર્યની એમ અનંતી પર્યાયો પ્રગટ થાય છે. ચારિત્રગુણમાંથી શાંતિની પર્યાય પ્રગટ થાય છે, વીર્યગુણ સ્વરૂપની રચના કરે છે. તે પણ અંશે પ્રગટ થાય છે. તેમ સર્વગુણો અંશે પ્રગટે છે.

'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.' આ વાક્ય શ્રીમદ્‌નું છે. એવી જ વાત રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં ટોડરમલજીએ પણ લખી છે કે પ્રભુ આત્મદેવનો સ્વીકાર કરતાં તેમાં રહેલાં અનંત અનંત ગુણનો અંશ પર્યાયમાં વ્યક્તપણે અનુભવમાં આવે છે. મારગ તો આવો છે ભાઈ! આત્મા નિર્મળ સ્ફટિકમણિ જેવો છે પણ તેની પર્યાયમાં એવો સ્વભાવ છે કે સામે જેવો રંગ હોય એવી ઝાંય સ્ફટિકમાં પડે છે. તે ઝાંય રંગને લઈને આવતી નથી, સ્ફટિકની પોતાની એવી યોગ્યતા છે.

જેમ, લાકડામાં એવી યોગ્યતા છે કે તેનો એક છેડો અગ્નિમાં બળતો હોય પણ બીજો છેડો ગરમ પણ ન થાય અને લોખંડમાં એવી યોગ્યતા છે કે એક ભાગને તપાવતાં આખો સળિયો તપી જાય છે. એવી દરેક વસ્તુમાં પોતપોતાની યોગ્યતા હોય છે. તેમ આત્મામાં એવી યોગ્યતા છે કે એક ગુણ પ્રગટ થતાં સાથે અનંતગુણ અંશે પ્રગટ થઈ જાય છે. તેથી ચોથા ગુણસ્થાનમાં સમકિતની સાથે અનંતા ગુણના અંશ પ્રગટ થાય જ છે.

ચોથા ગુણસ્થાને મિથ્યાત્વ જાય છે અને સમ્યક્ત્વ પ્રગટ થાય છે તો સાથે ચારિત્રગુણનાં પરિણમનમાં પણ અનંતાનુબંધી કષાય જાય છે અને સ્વરૂપાચરણ પ્રગટ થાય છે. મિથ્યાત્વની સાથે રહેનારા કષાયને અનંતાનુબંધી કષાય કહે છે. મિથ્યાત્વની સાથે તે પણ નાશ પામે છે અને પર્યાયમાં સ્વરૂપાચરણ પ્રગટે છે તેને ભલે'ચારિત્ર'નું નામ ન અપાય પણ સ્વરૂપાચરણ પ્રગટે છે તેની કોઈ ના કહેતું હોય તો તેને વસ્તુસ્થિતિની ખબર નથી. સ્વરૂપશ્રદ્ધા, સ્વરૂપજ્ઞાન અને સ્વરૂપાચરણ આ ત્રણેય સાથે જ પ્રગટે છે.

રંગના નિમિત્તે ઝાંય પડવા છતાં સ્ફટિક રંગાઈ જતો નથી તેમ, જીવની પર્યાયમાં કર્મના નિમિત્તે રાગ-દ્વેષરૂપ મલિનતા થવા છતાં આખો આત્મા મલિન થઈ જતો નથી. ઉપર ઉપરથી મલિન થવા છતાં અંદરમાં—તળમાં મલિનતા પેસી જતી નથી. તળમાં રાગ-દ્વેષનો સ્પર્શ નથી.

અનાદિથી આત્મામાં ક્રોધ, માન, માયા, લોભ દેખાય છે તે પર્યાયમાં છે,

વસ્તુમાં ક્રોધાદિ ભાવ નથી. પરમાં મારાપણાનો ભ્રમ થયો છે તે પણ પર્યાયમાં છે, વસ્તુમાં ભ્રમ નથી. વસ્તુ તો સર્વાંગે પરિપૂર્ણ અતીન્દ્રિય આનંદથી ભરેલી છે. તેની પર્યાયમાં જે મિથ્યાત્વ અને ક્રોધાદિ ભાવ થાય છે તે જીવની એવી યોગ્યતાથી થાય છે, કર્મથી થતાં નથી. કર્મ તો જુદી ચીજ છે, વિભાવ પરિણતીની જાત જુદી છે અને વસ્તુનો સ્વભાવ જુદો છે.

આ વચનામૃતમાં જ એક જગ્યાએ આવે છે કે તારી પાસે આનંદ છે એમ નહિ, તું પોતે જ આનંદનો નાથ છો....પણ તારી નજર તેના ઉપર નહિ જતાં બહારમાં રોકાઈ ગઈ છે.

અહા! દ્રવ્ય કદી રાગરૂપે થતું નથી. સંસારના કોઈપણ વિકલ્પરૂપે દ્રવ્ય થઈ જતું નથી. દ્રવ્યસ્વભાવ સદાય નિર્મળ સ્ફટિક જેવો છે. તેની રુચિ નહિ અને જેને રાગની રુચિ છે તેને સ્વરૂપ પ્રત્યે દ્વેષ છે. રાગનો રાગ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે.

આત્મા ભગવત્‌સ્વરૂપ છે, ચૈતન્ય રત્નાકર છે. આ શરીર દેખાય છે તે આત્મા નથી પણ રાગ દેખાય છે તે પણ આત્મા નથી. ભલે રાગ-દ્વેષાદિ અશુદ્ધિ અનાદિથી હો પણ તે વસ્તુનો સ્વભાવ નથી. વસ્તુ પહેલાં શુદ્ધ હતી અને પછી અશુદ્ધ થઈ એમ નથી. અનાદિથી જ પર્યાયમાં અશુદ્ધતા છે અને દ્રવ્યસ્વભાવ સદાય શુદ્ધ છે. તો અશુદ્ધતા કર્મના કારણે છે?—એમ કોઈને થાય. પણ, અશુદ્ધતા કર્મના કારણે નથી. જીવની પોતાની યોગ્યતાના કારણે પર્યાયમાં અશુદ્ધતા રહેલી છે.

આ તો અંતરની વાતો છે ભાઈ! જેને બેસે તેણે બેસાડવી. અશુદ્ધતા પર્યાયમાં જ છે, વસ્તુમાં નથી અને પર્યાયની અશુદ્ધતા પણ કર્મથી નથી. જીવની પર્યાયમાં એવી યોગ્યતા છે એમ બધી વાત યથાર્થ બેસાડવી. દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. દ્રવ્યની પર્યાયમાં વિકારની યોગ્યતા છે. જેમ, સ્ફટિકની પર્યાયમાં લાલ-કાળી ઝાંય પડવાની યોગ્યતા છે, ફૂલ નજીકમાં પડ્યા હોવા છતાં પથ્થર કે બીજી કોઈ ચીજમાં તેની ઝાંય નહિ પડે કેમકે તેનામાં એવી યોગ્યતા નથી, સ્ફટિકમાં એવી યોગ્યતા છે તેથી ઝાંય પડે છે તેમ, જીવની પર્યાયમાં અશુદ્ધ થવાની યોગ્યતા છે.

વસ્તુસ્વભાવ જુઓ તો તેમાં મલિનતા નથી. સંસાર બહારમાં નથી અને સંસાર જીવના સ્વભાવમાં પણ નથી. પર્યાયમાં સંસાર છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપારાદિ સંસાર નથી અને દ્રવ્યમાં પણ સંસાર નથી. संसरणम् इति संसार—ચિદાનંદ ધ્રુવથી ખસીને રાગ-દ્વેષમાં આવવું તે સંસાર છે. તે સંસારનો નાશ કરવાનો છે.

સ્રી, પુત્ર, વેપારાદિ છોડી દેવા તે સંસારનો ત્યાગ નથી. પર્યાયમાં રાગ-દ્વેષાદિ મલિનતા છે તે મારા સ્વભાવમાં નથી એમ જાણીને સ્વરૂપમાં જઈને સ્વરૂપમાં એકાકાર થવું તે સંસારથી છૂટવાનો ઉપાય છે. સ્વરૂપનો ભેટો થતાં મલિનતા ટળવા લાગે છે.

જેમ, પરમાણુ કદી વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણ વિનાનો રહેતો નથી. પરમાણુ પલટીને વર્ણાદિ વિનાનો થઈ જતો નથી. કારણ કે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તે પરમાણુનો સ્વભાવ છે. સ્વભાવ વિના તો વસ્તુનો જ નાશ થાય છે. તેથી એમ ત્રણ કાળમાં બનતું નથી. તેમ ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન સ્વભાવી છે તે ક્યારેય પલટીને વિકારરૂપ થઈ જતો નથી. પરમાણુમાં અનાદિ અનંત સ્પર્શ, રસ, ગંધાદિ હોય જ તેમ ભગવાન આત્મા અનાદિ અનંત આનંદ અને શાંતિથી ભરેલું તત્ત્વ છે તેમાં મલિનતા હોતી નથી. પર્યાયમાં ભ્રમણા, રાગ-દ્વેષાદિ મલિનતા છે પણ તેનો વસ્તુમાં પ્રવેશ નથી.

બધાં આત્મા ભગવાન છે. ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ છે. જેમ પરમાણુ પલટીને વર્ણ, ગંધાદિ વિનાનો થતો નથી તેમ, ત્રિલોકનો નાથ પ્રભુ પલટીને કદી રાગરૂપ થતો નથી. આવો વસ્તુનો સ્વભાવ છે તેમાં કોની સાથે વાદ-વિવાદ કરવો! નિયમસારમાં પ્રભુએ કહ્યું છે કે અનેક પ્રકારના જીવો છે અનેક પ્રકારની તેની લબ્ધિ અને ઉઘાડ છે, અનેક પ્રકારના કર્મ છે તેમાં કોઈની સાથે વાદ–વિવાદ કરીશ નહિ. સ્વસમય કે પરસમય કોઈની સાથે વાદમાં ઉતરવા જેવું નથી. સ્વસમય એટલે 'જૈનધર્મ.'' જૈનધર્મના અનુયાયીઓ સાથે પણ વાદ-વિવાદમાં ઉતરીશ નહિ કારણ કે વસ્તુ અગમ્ય છે. અનુભવગોચર છે. વાણીમાં આવી શકે તેવી નથી.

નિર્મળાનંદ ત્રિકાળી વસ્તુ કદી વિકારરૂપ થતી નથી. નિર્મળાનંદ ચૈતન્ય જ્યોતિ પલટીને શું રાગરૂપ થઈ જાય! કદી ન થાય. એવો તારો સ્વભાવ છે પ્રભુ! તું પોતે જ નિર્મળ આનંદકંદ છો.

....આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. બેન કહે છે કે વિકાર આત્મામાં નથી, પર્યાયમાં છે એ અમે શા માટે કહ્યું ? કે, વિકાર તોડવા માટે કહ્યું છે, પરથી એકત્વ તોડવા માટે કહ્યું છે. વિકાર કાયમ રહેનારી ચીજ નથી, વસ્તુ તો કાયમ રહેનારી ચીજ છે. ભગવાન આત્મા–સહજાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ વસ્તુ ત્રિકાળી છે અને વિકાર તો ક્ષણિક એક સમયનો છે. અનાદિ અનંત એકરૂપ વસ્તુ પલટીને વિકારરૂપ થઈ જતી નથી. ભલે જીવ નિગોદમાં ચાલ્યો જાય તો

ત્યાં પણ તેનો સ્વભાવ પલટી જતો નથી. નિગોદમાં અંગુલના અસંખ્યમા ભાગમાં નિગોદના અસંખ્ય તો શરીર હોય અને એક એક શરીરમાં અનંતા અનંતા જીવ રહેલાં હોય અને એક એક જીવની સાથે તૈજસ અને કાર્મણ શરીર હોય. આ બધું અંગુલના અસંખ્યમાં ભાગની અંદર રહેલું હોય છે પણ ક્ષેત્ર નાનું હોવાથી જીવના ગુણ કાંઈ ઓછા થઈ જતાં નથી અને મોટા ક્ષેત્રોમાં રહેવાથી જીવના ગુણ કાંઈ વધી જતાં નથી. ક્ષેત્રની મહિમા નથી વસ્તુના સ્વભાવની મહિમા છે કે આવી દશા થવા છતાં તેના સ્વભાવમાં કાંઈ આંચ આવતી નથી.

જેટલા ગુણ આકાશ દ્રવ્યમાં છે તેટલા જ ગુણ એક પરમાણુમાં પણ છે. પરમાણુનું ક્ષેત્ર એક પ્રદેશ છે અને આકશનું ક્ષેત્ર તો અનંત છે છતાં ગુણની સંખ્યા બંનેમાં એક સરખી છે અને એટલાં જ ગુણ દરેક આત્મામાં છે. જડમાં ગુણો પણ જડ છે અને આત્મામાં બધા ગુણો ચેતનમય છે. તે કોઈ ગુણો પલટીને જડરૂપ કે વિકારરૂપ થઈ જતાં નથી. માટે આ કહીને એ સમજાવવું છે, રાગ જીવના સ્વભાવમાં નહિ હોવાથી રાગ કરતાં કરતાં ધર્મ થઈ જશે એમ ન સમજવું. રાગથી અને પરથી એકત્વ તોડી સ્વરૂપમાં આવવું. રાગ ભલે શુભ હો પણ તે દુઃખરૂપ છે માટે શુભરાગ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવી માન્યતા દુઃખ કરતાં કરતાં સુખી થવાની આશા જેવી વ્યર્થ છે.

પ્રભુ! તારી પર્યાયમાં વિકાર છે, એ તો ક્ષણિક છે. તારી નજર ફરતાં વિકાર તો ટળી જશે. તારું નિધાન એવું છે કે તેની નજર કરતાં વિકાર ટળી જાય છે એવી તારી તાકાત છે પ્રભુ! અંદરમાં વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. તારી અંદરમાં અનંત ચતુષ્ટય ભર્યાં છે તે પલટીને કદી વિકારરૂપ થતા નથી. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય આ ચતુષ્ટયથી આત્મા સદાય ભરેલો છે. તેનાથી રહિત આત્મા ત્રણ કાળમાં કદી હોતો નથી.

આત્મામાં–પર્યાયમાં વિકાર ભલે અનાદિથી ચાલ્યો આવે છે પણ તેની મુદ્દત ક્ષણ પૂરતી છે, કેમ કે વિકાર પર્યાયમાં છે, દ્રવ્ય-ગુણમાં નથી. પર્યાયમાં વિકાર છે તેને ટાળવો હોય તો ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર! અંતરમાં નજર કર! તો પરથી પૃથકતા થશે અને વિકારથી પણ ભેદજ્ઞાન થઈ જશે.

કષાયનો કણ તો ઉપર ઉપર છે અને અંદરમાં તો એકલો માલ જ ભર્યો છે. અતીન્દ્રિય જ્ઞાન...અતીન્દ્રિય આનંદ...અતીન્દ્રિય શાંતિ....અતીન્દ્રિય પ્રભુ....અતીન્દ્રિય વીર્ય....એવી એવી અનંત અનંત શક્તિનું દળ પડ્યું છે. તેમાં

પ્રવેશ કર પ્રભુ! ગમે તેટલા ભવ કર્યાં પણ દ્રવ્યમાં કાંઈ ફેર પડ્યો નથી. દ્રવ્ય તો જેવું છે તેવું અનંત શક્તિથી ભરેલું જ છે. નિગોદમાં એક અક્ષરના અનંતમાં ભાગ જેટલો જ્ઞાનનો વિકાસ રહ્યો હતો છતાં દ્રવ્ય તો પૂરી શક્તિથી ભરેલું જ રહ્યું છે. આવા અંતર સ્વભાવમાં વાસ્તવિક પ્રવેશ કર તો પરથી પૃથકતા થઈ જશે.

હવે ૧૦૦મો બોલ લેવાનો છે.

'હું અનાદિ અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે.' ૧૦૦.

હું અનાદિ–અનંત મુક્ત છું. સિદ્ધ ભગવાન તો સાદિ અનંત મુક્ત છે અને આ પ્રભુ તો અનાદિ–અનંત મુક્ત છે. સિદ્ધને તો મુક્તિની શરૂઆત થઈ છે પણ પ્રભુ તો અનાદિ મુક્ત છે. ક્યારેય આત્મા બંધાયો નથી. અનાદિ-અનંત મુક્ત જ છે. અંતરમાં આવા સ્વભાવની રુચિ કરી તેનું જ પોષણ કરી, દૃષ્ટિ કરી, અનુભવ કરવા લાયક છે. બાકી બધી વાતો છે.

શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ આપવાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. સમયસાર ગાથામાં આવે છે કે જે શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ કરે છે તે શુદ્ધ પર્યાયને પ્રાપ્ત કરે છે અને જે આત્માને અશુદ્ધ જાણે છે તે અશુદ્ધતાને પામે છે. તેમ અહીં કહ્યું છે કે આત્મા ત્રિકાળ શુદ્ધ છે એવી દૃષ્ટિ કરવાથી શુદ્ધતા થાય છે અને આત્મા અશુદ્ધ છે એમ માનવાથી અશુદ્ધતા જ રહે છે અને ગતિમાં ભ્રમણ થાય છે.

અનાદિ–અનંત મુક્ત સ્વભાવ ત્રિકાળ ધ્રુવ છે તેમાં પર્યાયનું પલટન પણ નથી, તેના ઉપર દૃષ્ટિ દેવાથી શુદ્ધપર્યાય પ્રગટ થાય છે. દ્રવ્યમાં પર્યાયની શક્તિ તો પડી છે. ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય યુક્તમ્ સત્ છે તે સત્‌નો નાશ ન થાય. પર્યાય પણ વ્યય થઈને દ્રવ્યમાં જાય છે. પણ ક્ષણે ક્ષણે વ્યય પામતી પર્યાય ઉપર દૃષ્ટિ નહિ દેતાં, દ્રવ્યમાં–તળમાં શુદ્ધ પર્યાય પ્રગટ થશે. તને દ્રવ્ય ખ્યાલમાં આવી જશે, આનંદ થશે, અરે! અનંત ગુણના અંશો પ્રગટી જશે. વીર્ય સ્વરૂપની રચના કરશે. પ્રભુત્વશક્તિમાંથી પ્રભુતા આવશે.

મારી દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે, મારી દૃષ્ટિ પર્યાય ઉપર નથી. મુક્ત દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી મુક્તિ થશે જ.

ભગવાન આત્મા મુક્ત છે. તેમાંથી પ્રગટ થતી મુક્તિમાર્ગની અપૂર્ણ નિર્મળ પર્યાય પણ મુક્ત છે અને પૂર્ણ પર્યાય પ્રગટ થશે તે પણ મુક્ત છે. મારે મુક્ત દશા સાથે જ સંબંધ છે. રાગ તો ક્ષણિક છે તેની સાથે મારે કાંઈ સંબંધ નથી.

અરે! આ મનુષ્યભવ ક્ષણમાં પૂરો થઈ જશે. એક સમય એવો આવી જશે કે બેઠાં બેઠાં દેહ છૂટી જશે. અગાઉ ખબર પણ નહીં પડે. અહીં કહે છે કે જેમ રોગ ક્ષણમાં દેહનો અંત લાવી દે છે તેમ ત્રણલોકના નાથની સામે જોતાં ક્ષણમાં સંસારનો અંત આવી જશે.

અહા! આત્મા કેવી વસ્તુ છે જેની તુલના સિદ્ધ દશા સાથે પણ થાય તેમ નથી. સિદ્ધના દ્રવ્ય સાથે તુલના થાય પણ સિદ્ધની પર્યાય જેવી પર્યાયની શક્તિ તો આત્માના એક એક ગુણમાં અનંતી રહેલી છે. અહા! હું તો મુક્ત સ્વરૂપ છું. સિદ્ધની પર્યાયને આવવું હોય તો આવે પણ હું તો સિદ્ધસ્વરૂપ અત્યારે જ છું. સિદ્ધપર્યાય તો આવશે જ. મારામાં તો ત્રિકાળ અનંત આનંદ, શાંતિ, પ્રભુતાનો પિંડ ભર્યો છે. આવા પ્રભુ સ્વભાવ પાસે સિદ્ધપર્યાયની પણ અધિકતા નથી.

આમ, ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે. નિરાલંબી ત્રિલોકીનાથ ભગવાનને કોઈની અપેક્ષા નથી. આવા ધ્રુવસ્વભાવના જોરમાં જ્ઞાની કહે છે કે મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે અમને તેની પણ દરકાર નથી. મુક્તિની પર્યાય તો આવવાની છે તે આવશે જ પણ અમારી દૃષ્ટિ તો મુક્તિની અનંત અનંત પર્યાય જેમાં ભરી છે એવા દ્રવ્યસ્વભાવ ઉપર છે. સાદિ અનંત કેવળજ્ઞાનની પર્યાય થયા જ કરશે એ પર્યાય એક જ્ઞાનગુણમાં અત્યારે જ રહેલી છે. પણ....અરે પ્રભુ! તેં આત્માને જોયો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી અને બીજે રસ્તે ચડી ગયો છો. પ્રવૃત્તિના રસ્તે ચડી ગયો છો.

દ્રવ્યદૃષ્ટિવંતને પર્યાયની એટલી ઉપેક્ષા છે કે પર્યાયને આવવું હોય તો આવે પણ હું તો મુક્ત દ્રવ્ય જ છું. આવી દૃષ્ટિને કારણે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે અને પૂર્ણતા તો આવે જ છે. નિયમસારની ૫૦મી ગાથામાં તો પર્યાયને પરદ્રવ્ય કહી છે. પર્યાયદૃષ્ટિમાંથી પર્યાય આવતી નથી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી પર્યાય તો નિર્મળ થશે જ. જ્ઞાનીને નિઃશંક નિઃસંદેહ નિર્ણય છે કે પૂર્ણતા આવશે જ. જે દૃષ્ટિ થઈ છે તે પડવાની નથી. સમયસાર ૩૮મી ગાથામાં અને ૯૨મી ગાથામાં

(અનુસંધાન માટે જુઓ પાનું-૨૯)

# જ્ઞાયકની ધૂન

(''બહેનશ્રીનાં વચનામૃત'' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(પ્રવચન નં.-૮)

આ વચનામૃતનો ૬૨મો બોલ છે.

જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ—સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.૬૨

સમ્યગ્દર્શન પામવાની આ કળા છે. સમ્યક્સન્મુખ થવાને યોગ્ય કોણ છે તે આ બોલમાં કહ્યું છે. જેને સમ્યગ્દર્શન થઈ ગયું છે તેને તો આનંદનો અનુભવ છે. તેને કોઈને પૂછવા જવું પડે કે સમ્યક્ત્વ સંબંધી સાંભળવું પડે કે કહેવું પડે એવું કાંઈ ન હોય. તેને તો પછી શ્રાવકદશા અને મુનિદશા આવે છે પણ અહીં તેની વાત નથી. અહીં તો જેને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું છે તેને માટે વાત છે.

જે જીવ જ્ઞાયકના લક્ષે સાંભળે છે, હું સાંભળીને કોઈને કહીશ અથવા ઉપદેશ આપી શકીશ એવા ભાવે સાંભળતો નથી પણ પોતાના જ્ઞાયકના લક્ષપૂર્વક સાંભળે છે, જ્ઞાયકના લક્ષપૂર્વક ચિંતવન કરે છે, મંથન કરે છે તે જીવ સમ્યક્ત્વ પામવાને લાયક છે. જ્ઞાયકના લક્ષ વિના માત્ર સાંભળવા ખાતર સાંભળી લેવું કે ચિંતવન કરવું એ કાંઈ કાર્યકારી નથી.

આ તો સમ્યક્ત્વ પામવાની કળા છે. જ્યાં સુધી અંતર સ્વરૂપ દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યું નથી ત્યાં સુધી તે જીવ જ્ઞાયકનું મંથન કરે છે. આમ, જ્ઞાયકના લક્ષપૂર્વક શ્રવણ, ચિંતવન અને મનન કરે છે તે જીવ સમ્યક્ત્વની સન્મુખ થઈ જાય છે.

અંદર દૃઢ સંસ્કાર પાડે, જ્ઞાયકની ધૂન અંદરથી લાગે, બીજું કાંઈ ગમે નહિ, એક જ્ઞાયકની જ ધૂન લાગે તે જીવ સમ્યક્ત્વસન્મુખ છે. વાંચનની કે શ્રવણની ધૂન લાગે એમ નહિ પણ અંદરથી જ્ઞાયકની ધૂન લાગે તે જીવ સમ્યક્ત્વને પાત્ર છે.

સ્વયંભૂરમણ નામનો છેલ્લો સમુદ્ર અસંખ્ય જોજનમાં વિસ્તરેલો છે તેના

તળીયે પથ્થરને બદલે એકલા રત્નો જ છે. દુનિયાની રચના તો જુઓ! રેતીને બદલે હીરા માણેક જ ભર્યાં છે પણ એ તો જડ રત્નો છે અને આત્મામાં તો ચૈતન્ય રત્નો ભર્યાં છે. આત્મા ચૈતન્યરત્નાકર છે. લોકની આશ્ચર્યકારી રચનાને જાણનારા ચૈતન્યનું આશ્ચર્ય કેટલું છે!

જ્ઞાયકની ધૂનવાળો જીવ પોતાનો ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં પલટાવે છે. જ્ઞાનને પકડવામાં ઉપયોગ ન ટકે તો આનંદ જ્યાંથી આવે છે તે આત્મા છે, આત્મા શાંતિનો સમુદ્ર છે એમ અનેક પ્રકારે આત્માના વિચાર કરે છે. તેનો ઉપયોગ એક વિચારમાં ટકતો નથી તેથી ગુણભેદથી અનેક રીતે આત્માનું સ્વરૂપ ચિંતવે છે. ઉપયોગ સૂક્ષ્મ કરતો જાય. આખી દુનિયા પ્રત્યે તો તે ઉદાસ છે. દુનિયામાં કાંઈ મારું નથી, મારો તો એક ચૈતન્ય આત્મા છે. દુનિયાથી ઉદાસ વર્તતો તે ચૈતન્યમાં ઉપયોગ લગાડવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરે છે.

શ્રોતા :—ઉપયોગને સૂક્ષ્મ કરે કે થાય?

પૂજ્યશ્રી :—કરે ત્યારે થાય. ઉપયોગ એની મેળે સૂક્ષ્મ થઈ જતો નથી. સૂક્ષ્મ કરે તો થાય છે. દરેક દ્રવ્યની પર્યાયમાં ષટ્કારક છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ આ છએ કારક દરેક દ્રવ્યમાં છે. જીવમાં છે તેમ પરમાણુની પર્યાયમાં પણ ષટ્કારક છે. જીવ પોતાના ષટ્કારકથી ઉપયોગમાં સૂક્ષ્મતા કરે ત્યારે થાય છે. જ્ઞાન પણ પોતે કરે ત્યારે થાય છે અને અજ્ઞાન પણ પોતે કરે છે માટે થાય છે. છ કારક સિવાય બીજું કોઈ કારક જગતમાં નથી. દરેક દ્રવ્યની પર્યાયનાં ષટ્કારકનું પરિણમન છે.

**અનંતકાળમાં જીવે દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યું પણ તેનાથી આત્માની પર્યાયમાં કાંઈ લાભ ન થયો. છઢાળામાં કહ્યું છે ને!—**

**'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેઈક ઉપજાયો,**
**પૈ નિજ આતમજ્ઞાન બિના, લેશ સુખ ન પાયો'.**

અંતરમાં સૂક્ષ્મ ઉપયોગ વડે, ચૈતન્યનું લક્ષ કરીને, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. દરેક જીવને પર્યાયમાં આનંદ તો પ્રગટમાં આવતો નથી, એક જ્ઞાન જ પ્રગટે છે. તે પ્રગટ જ્ઞાનપર્યાય દ્વારા આખા ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે તો ચૈતન્ય ગ્રહણ થાય છે. વિકલ્પથી કે દેવ-શાસ્ત્ર-ગુરુથી કે શબ્દોના શ્રવણ ધારણથી ચૈતન્ય ગ્રહણ થતો નથી. ભગવાનની

વાણીથી જે જ્ઞાન થાય છે તેનાથી પણ આત્માની સન્મુખતા થતી નથી. કારણ કે કદી પરસન્મુખતાથી સ્વસન્મુખતા થતી નથી. પરસન્મુખ દશા સ્વસન્મુખતાનું કામ કરતી નથી.

લોકોને અભ્યાસ નહીં હોય એટલે ઝીણું લાગે. અહીં તો હજુ સમ્યક્ત્વ પામવાની રીત બતાવી છે. આનંદ તો પર્યાયમાં પ્રગટ નથી પણ જ્ઞાનનો ક્ષયોપશમભાવ પર્યાયમાં પ્રગટ છે તેમાં સૂક્ષ્મતા કરીને જ્ઞાયકને ગ્રહણ કરી શકાય છે. ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

હવે ૧૦૫મો બોલ લેવાનો છે.

**આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.**

આ તો શાંતિથી સમજવાની વાત છે. આ કોઈ પંડિતાઈની વાત નથી.

સમયસારમાં પણ આસ્રવ, સંવર, મોક્ષ આદિ પર્યાયોને સ્વાંગ અથવા વેષ કહ્યો છે. મોક્ષ અધિકાર પૂરો થતાં પણ આચાર્યદેવ લખે છે કે મોક્ષનો વેષ પૂરો થયો. કારણ કે મોક્ષ એ પણ પર્યાય છે અને ભગવાન આત્મામાં તો ત્રિકાળી દ્રવ્ય છે. આત્માએ પરમાર્થે ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ ધારણ કરેલો છે. તેને માટે મોક્ષ એ પણ ક્ષણિકવેષ છે. તેથી જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થપાયેલી છે, લક્ષ એક ચિદાનંદ ધ્રુવ ઉપર લાગ્યું છે તેની દૃષ્ટિ મોક્ષપર્યાય ઉપર જતી નથી. તેનું લક્ષ પણ મોક્ષની પર્યાય ઉપર નથી, દ્રવ્ય ઉપર છે. આથી જ સમયસારમાં દરેક અધિકારની પૂર્ણતામાં આ આસ્રવનો વેષ નીકળી ગયો...સંવરનો વેષ નીકળી ગયો...મોક્ષનો વેષ નીકળી ગયો...એમ લીધું છે. કેમ કે આ બધાં વેષો તો ક્ષણિક છે અને જ્ઞાયકભાવ તો ત્રિકાળ છે માટે આત્માએ ખરેખર એક જ્ઞાયકપણાનો વેષ જ ધારણ કરેલો છે.

મોક્ષની પર્યાય નવી પ્રગટ થાય છે, ત્રિકાળ નથી. જ્યારે જ્ઞાયક તો ત્રિકાળ છે. સંવર, નિર્જરા અને મોક્ષ શુદ્ધ હોવાં છતાં, પલટતાં ભાવ છે અને જ્ઞાયકસ્વભાવ તો કાયમ ટકનારો છે. માટે, સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય

હોવાથી વ્યવહારનયનો વિષય છે અને જ્ઞાયકભાવ તો ત્રિકાળ ટકનાર હોવાથી નિશ્ચયનયનો વિષય છે. મોક્ષનો વેષ પણ જીવમાં કાયમ રહેતો નથી પણ, જ્ઞાયકનો વેષ તો ત્રિકાળ રહે છે.

સંવર-નિર્જરાનો સ્વાંગ સાદિ-શાંત છે, મોક્ષનો સ્વાંગ સાદિ અનંત છે પણ જ્ઞાયકપણાનો સ્વાંગ તો અનાદિ-અનંત છે માટે તે જ આત્માનો ખરેખર સ્વાંગ છે. એક જ્ઞાયકપણાનો જ વેષ આત્માએ ધારણ કર્યો છે. જ્ઞાયક ત્રિકાળ નિરાવરણ છે, ત્રિકાળ અખંડ અને એક છે.

સમકિતી હો, શ્રાવક હો કે મુનિ હો....દરેક જ્ઞાનીને ધ્રુવનું ધ્યેય હોય છે. ધ્રુવધ્યેયના ધ્યાનમાં ધીરજથી, શાંતિથી ધૂણી ધખાવનાર ધર્મી ધન્ય છે. ધ્રુવધ્યેયના ધ્યાનથી જ શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સંવર-નિર્જરાના આશ્રયથી શુદ્ધિની વૃદ્ધિ થતી નથી.

આ તો બેનની અનુભવના આનંદમાંથી આવેલી ભાષા છે. કોઈએ લખી લીધી એટલે બહાર આવી ગઈ. બેન તો બહારમાં આવે તેવા નથી.

અહા! ભગવાન આત્માનો દેશ કયો? વેષ કયો?—ભગવાન આત્માનો દેશ પોતાના અસંખ્યપ્રદેશ છે અને તેનો વેષ એક જ્ઞાયકભાવ છે; તેમાં દૃષ્ટિ કરવાથી પર્યાયમાં આત્માની પ્રાપ્તિ થાય છે. આત્માને પુણ્ય-પાપનો વેષ તો નથી, આસ્રવ-બંધનો વેષ તો નથી પણ સંવર-નિર્જરાનો વેષ પણ પરમાર્થે નથી. પરમાર્થે આત્માને ત્રિકાળ એક જ્ઞાયકભાવનો વેષ છે. કોઈ પર્યાયવેષ આત્મામાં ત્રિકાળ રહેતો નથી માટે તે, આત્માનો વાસ્તવિક વેષ નથી.

આ બહારના વેષની વાત નથી. કપડાંનો વેષ તો આત્માને છે જ નહિ. બહારથી કપડાંના ગ્રહણ કે ત્યાગને વેષ કહેતાં નથી. પરના ત્યાગના ગ્રહણથી આત્મા ત્રિકાળ શૂન્ય છે કારણ કે 'ત્યાગઉપાદાનશૂન્યત્વ' નામની આત્મામાં શક્તિ છે. ત્યાગ-ગ્રહણ તો વ્યવહારથી છે. અંદરમાં જ્ઞાયકનું ગ્રહણ થતાં વિભાવનો ત્યાગ થઈ જાય છે. તેથી વ્યવહારથી 'રાગનો ત્યાગ કર્યો' એમ કહેવાય છે.

દ્રવ્યને કોઈ પર્યાયની અપેક્ષા નથી. મોક્ષપર્યાયની પણ દ્રવ્યને અપેક્ષા નથી કારણ કે મોક્ષ તો સાદિ અનંત છે અને દ્રવ્ય તો અનાદિ-અનંત મુક્તસ્વરૂપે જ રહેલું છે.

ઝીણું પડે પણ વસ્તુનું સ્વરૂપ તો આવું જ છે. બેન રાત્રિના વાંચનમાં

બોલ્યા હોય તે બ્રહ્મચારી બેનોએ લખી લીધેલું. બાકી પોતે તો બહારથી મડદાં જેવાં છે. અંદરમાં આત્માના આનંદમાં રહે છે. બહારની એમને કાંઈ પડી નથી. શ્રાવણ વદ બીજના જન્મદિવસ આવે છે. લોકો હીરાથી વધાવશે પણ એ તો મડદાંની જેમ ઊભા રહેશે. હવે તો શરીરમાં શક્તિ નથી એટલે મેં કીધું ખુરશીમાં બેનને બેસાડવા. ખોરાક કાંઈ નહિ અને એકલો આત્મા.....આત્મા....આત્મા.....બાકી કાંઈ નહિ.

આત્મા મુનિ છે કે કેવળી છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. સિદ્ધદશા પણ પર્યાય છે. પર્યાય પલટો ખાય છે પણ દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ જ્ઞાયકભાવે જ રહેલું છે. દ્રવ્ય તો વજ્રના બિંબ જેવું છે, અંદર તો એકલા ચૈતન્યના હીરા-માણેક જ ભરેલા છે.

આ ૧૦૫મો બોલ બહુ સારો આવી ગયો છે. આત્માને કોઈ પર્યાયની અપેક્ષા નથી. પર્યાયો તો મુદતવાળી ચીજ છે અને દ્રવ્ય તો મુદત વિનાનું અનાદિ-અનંત છે. નિત્યાનંદપ્રભુ ઉપર જ આ બધી પર્યાય તરે છે. દ્રવ્ય તો નિત્ય અખંડાનંદ સત્‌ચિદાનંદ પ્રભુ ત્રિકાળી એકરૂપ છે તેને અહીં 'જ્ઞાયક' કહ્યો છે. આ જ્ઞાયકની દૃષ્ટિ કરવી અને તેનો અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે. શ્રાવક અને મુનિપણું તો તેનાથી આગળની ઊંચી દશા છે.

ભાઈ! આવું મનુષ્યપણું મળ્યું છે માટે તું બીજું બધું છોડી દે એટલે કે બધાંની ચિંતા છોડી એક આત્માનું કર. દુનિયા વર્તમાનમાં તારી પ્રશંસા કરતી હશે પણ એ કાંઈ સાથે નહિ આવે.

અહા! ત્રિકાળી જ્ઞાયકભાવ જેની દૃષ્ટિમાં આવી ગયો તેને કોઈ પર્યાયવેષની અપેક્ષા નથી. વ્યવહારરત્નત્રયના રાગની પણ તેને અપેક્ષા નથી. વ્યવહારરત્નત્રય પ્રગટ કરે તો નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત થાય એ વાત ત્રિકાળ જૂઠી છે. વ્યવહારરત્નત્રય તો રાગ છે માટે ઝેર છે, વિષકુંભ છે. લોકોને આ તત્ત્વનો અભ્યાસ નથી અને ધર્મના નામે પણ બાહ્યક્રિયાની વાત ચાલે છે, આ વાતો તો ચાલતી નથી, તેથી કઠણ લાગે છે. તત્ત્વમાં ઊંડા ઊતરવાની કોઈને નવરાશ નથી.

અરે! પ્રભુ તો મોક્ષમાં ચાલ્યા ગયાં. સાક્ષાત્ પ્રભુનો વિરહ પડ્યો. માત્ર વાણી રહી ગઈ. સીમંધરપ્રભુ દૂર ક્ષેત્રમાં રહી ગયાં. અમે તો સીમંધરપ્રભુની સાક્ષાત્ વાણી સાંભળીને આવ્યા છીએ, કાયમ સમોસરણમાં જતાં હતાં. છેલ્લી સ્થિતિમાં પરિણામ બરાબર ન રહ્યાં તેથી અહીં કાઠિયાવાડમાં અવતાર થયો. બાકી

અહીં તો આ કાળે કેવળજ્ઞાનની ઉત્પત્તિ પણ નથી અને કેવળીની હાજરી પણ નથી. વાણીમાં માર્ગ રહી ગયો છે તે બતાવાય છે.

જ્ઞાયકપ્રભુ તો અનાદિ-અનંત જ્ઞાયક જ છે. સંસાર અનાદિ સાંત છે, સંવર-નિર્જરા સાદિ-સાંત છે, મોક્ષ સાદિ અનંત છે પણ પ્રભુ તો અનાદિ-અનંત છે. આવા નાથની નજર કર નાથ! તારો દેશ અને તારો વેષ ત્યાં છે, તેમાં જા પ્રભુ! ૪૦૧મા બોલમાં બેને સ્વદેશની વાત કરી છે.....આ વિભાવભાવ અમારો દેશ નથી....જ્યાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપ સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.

શ્રીમદે પણ સ્વરૂપસ્વદેશમાં જવાની વાત લખી છે. શ્રીમદ્‌ની દશા પણ અલૌકિક હતી. વર્તમાનમાં તેઓ વૈમાનિક સ્વર્ગમાં છે ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષમાં જવાના છે. પોતે લખીને ગયા છે અને તે યથાર્થ છે.

**'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,**
**તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.'**

અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા સ્વદેશ છે, બાકી વિભાવથી માંડીને બધાં પરદેશ છે. અહીં બેન પણ કહે છે આ વિભાવભાવ અમારો દેશ નથી, આ પરદેશમાં અમે કયાં આવી ચડ્યા! છદ્મસ્થ અવસ્થા છે, વિકલ્પ આવ્યા વિના રહેતા નથી પણ વિકલ્પ પરદેશ જેવો લાગે છે, તેમાં રહેવું ગમતું નથી. શુભ કે અશુભ કોઈ રાગમાં રહેવું ગમતું નથી. અસંખ્ય પ્રકારના શુભવિકલ્પ આવે છે પણ તે કોઈમાં મારાપણું લાગતું નથી. બધાં પરદેશ જેવા લાગે છે. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા એટલે સમકિત, ચારિત્ર, આનંદ, વીર્યાદિ ગુણોરૂપે અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.

અમારે ત્વરાથી એટલે જલ્દીથી મૂળ વતનમાં જઈને વસવું છે એમ કહે છે તેમાં જલ્દી કહેતાં ક્રમબદ્ધ અવસ્થા છૂટી જતી નથી. અંદરની એવી દશા હોય ત્યાં તેના ક્રમમાં અલ્પકાળમાં જ કેવળજ્ઞાન હોય છે. 'ત્વરા'થી કહીને ક્રમ પલટી દેવાની વાત નથી. ત્વરાથી મૂળ વતનમાં જવું તે મૂળ વતન કયું! કે-અસંખ્યપ્રદેશી જ્ઞાયક અમારું મૂળ વતન છે. બાકી બધા પરદેશ છે. વિભાવમાં કોઈ અમારું નથી. સ્વદેશમાં અતીન્દ્રિય આનંદ, શાંતિ આદિ બધો અમારો પરિવાર વસે છે ત્યાં જઈને નિરાંતે વસવું છે—આરામથી રહેવું છે.

પંચ મહાવ્રત, બાર વ્રતના વિકલ્પ કે તીર્થંકર ગોત્ર જેનાથી બંધાય છે એવા વિકલ્પ તે કોઈ અમારો પરિવાર નથી. જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, પ્રભુતા, સ્વચ્છતા, જીવત્વ, ચિતિ, દશિ, સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ આદિ અનંત અનંત ગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે ત્યાં જઈને વસવું છે. આ જડ વતન કોઈ અમારાં નથી. રાગ અને પર્યાયથી પણ પાર જ્ઞાયકભાવ એ અમારું વતન છે. ત્યાં જ્ઞાનાદિ અનંત ચૈતન્ય રત્નાકરથી ભરેલો ભગવાન વસે છે તેમાં અમારે આનંદથી નિરાંતે વસવું છે. પછી કોઈ ભવ નથી.

શ્રીમદ્ના વખતમાં તેના જેવા કોઈ પુરુષ ન હતા. એક ધર્મદાસ ક્ષુલ્લક હતાં પણ ક્ષયોપશમ એટલો ન હતો. તેમણે સમ્યગ્જ્ઞાનદીપિકા લખી છે. આ શ્રીમદ્ તો નાની ઉંમર અને ક્ષયોપશમ ઘણો. ધર્મમાં આટલો ક્ષયોપશમ તે વખતે કોઈનો ન હતો. લૌકિક ક્ષયોપશમ બીજાને હોય એ જુદી વાત છે. એ શ્રીમદ્ એમ કહે છે કે અમારે સ્વદેશમાં જવું છે પણ આ ભવમાં પૂર્ણ વીતરાગતા થઈ જાય તેવું લાગતું નથી તેથી એકાદ ભવ પછી સ્વદેશમાં કાયમ વસવાનું થશે.

આ ૧૦૫મો બોલ થયો. હવે ૧૪૦ બોલ લેવાનો છે.

**'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને? 'જાણનાર' 'જાણનાર' છે ને? તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળ હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંતકાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રધ્યું નથી. ૧૪૦.**

આ વચનામૃતમાં અસ્તિનું જોર બતાવ્યું છે. મારો જ્ઞાયકપ્રભુ છે....છે....છે. ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. ત્રણેકાળ રહેવાવાળી મારી ચીજ છે એવી અસ્તિ ખ્યાલમાં આવે છે ને! તે કોણ છે? જ્ઞાતા–જાણનાર ત્રણેકાળ ટકનારી ચીજ છે. એ જ મારી અસ્તિ છે, એ સિવાય બીજું કાંઈ મારું નથી.

અનુભવમાં તો પર્યાય આવે છે પણ વસ્તુ પર્યાય જેવડી જ નથી. પર્યાય બતાવે છે કે અંદર પૂર્ણ પ્રભુ બિરાજે છે તે ત્રિકાળ સત્ છે. માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. વર્તમાનમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તો પર્યાયમાં આનંદ આવે પણ ધ્રુવ તો કાંઈ પર્યાયમાં આવતું નથી. ધ્રુવ તો ત્રિકાળ ધ્રુવ છે તે કાંઈ

પર્યાયમાં ન આવે, પર્યાયમાં તો દ્રવ્યનો નમૂનો આવે છે તે નમૂનો એમ બતાવે છે કે આખી વસ્તુ આવી છે.

તત્ત્વ પોતે પોતાને ત્રિકાળ સત્ બતાવી રહ્યું છે. જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ પર્યાયમાં થાય છે, દ્રવ્ય તો કદી અનુભવમાં આવતું નથી. અનુભવમાં તો પર્યાય જ આવે છે. દૃષ્ટિ ત્રિકાળ ધ્રુવ ઉપર રહે છે પણ વેદનમાં ધ્રુવ આવતું નથી. પણ એ વર્તમાન પર્યાય ત્રિકાળ દ્રવ્યને બતાવે છે. કોઈપણ ચીજ વર્તમાન પૂરતી હોતી નથી, જે ચીજ વર્તમાનમાં છે તે ત્રિકાળ રહેનારી છે.

વર્તમાનમાં ભલે ત્રિકાળી દ્રવ્ય ન આવે, પણ વર્તમાનમાં જે ચીજ છે તે ત્રિકાળી જ હોય. કારણ કે જે તત્ત્વ વર્તમાનમાં હોય તે ત્રિકાળ હોય જ. તેનું જ ધ્યેય હોય ત્યારે તો વર્તમાનમાં તેનું વેદન આવે છે. એ વેદનની અપેક્ષાએ પ્રવચનસારના અલિંગગ્રહણના ૨૦મા બોલમાં 'વેદનમાં આવે છે તે હું છું' એમ કહ્યું છે પણ ધ્યેય તો હંમેશા ધ્રુવનું જ હોય છે. ૨૦મા બોલમાં તો 'અનુભવમાં આવે છે તે જ હું છું' એમ જ લીધું છે અને ૧૮ તથા ૧૯મા બોલમાં ગુણભેદ અને પર્યાયભેદનો નિષેધ કરીને અભેદ દ્રવ્ય તે જ હું છું એમ લીધું છે. કાલે રાત્રિચર્ચામાં ત્રણેય બોલ આવ્યાં હતાં ને!

અહીં કહે છે કે વર્તમાનમાં જે તત્ત્વ છે તે ત્રિકાળ ધ્રુવને બતાવી રહ્યું છે. વર્તમાન પર્યાયમાં શાંતિનો અંશ વેદનમાં આવે છે તે એમ બતાવે છે કે વસ્તુ ત્રિકાળ શાંતસ્વરૂપ છે. ત્રિકાળ ધ્રુવ ભલે પ્રત્યક્ષ દેખવામાં ન આવે, વેદનમાં ન આવે પણ તેનો વર્તમાન અંશ તેના ત્રિકાળીપણાને જાહેર કરે છે. એ સિદ્ધાંત છે કે જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળ હોય જ છે. વર્તમાન પર્યાય જેવડું કોઈ તત્ત્વ હોતું જ નથી. વર્તમાનમાં જે અનુભવમાં આવે છે તે ત્રિકાળ ટકનાર દ્રવ્યની જ પર્યાય છે.

અહીં નિર્મળ પર્યાયની વાત છે. વર્તમાનમાં જે નિર્મળ તત્ત્વ અનુભવમાં આવ્યું તે તત્ત્વ પર્યાય જેવડું જ નથી, તે તો ત્રિકાળ ધ્રુવ રહેનારું તત્ત્વ છે. વિચાર કરે તો આગળ વધી શકાય. અનુભવ કરતાં કરતાં ત્રિકાળ ધ્રુવમાં ઝુકાવ થઈ જાય છે. અનંતકાળમાં બહારમાં તો બધું કર્યું. વ્રત, તપાદિ ઘણું કર્યું પણ એક ત્રિકાળી સત્‌ની શ્રદ્ધા કદી કરી નથી. અનાદિ અનંત જ્ઞાયકપ્રભુની શ્રદ્ધા વિના અનંતકાળથી એ રખડી રહ્યો છે.

*

# વિશ્રાંતિનું સ્થાન ચૈતન્ય-ધામ

(''બહેનશ્રીનાં વચનામૃત'' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં-૯)

આ વચનામૃતનો ૧૭૧મો બોલ છે.

'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે તેમને ચૈતન્યની સમીપતા ન થાય, પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે. તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો.' ૧૭૧.

જેમ, એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ, એક જીવને ચૈતન્ય-આનંદકંદની મહિમા અને રાગાદિ વિકલ્પની મહિમા એ બંને મહિમા એકસાથે રહી ન શકે. જેને રાગની મહિમા છે તેને ચૈતન્યની મહિમા નથી. રાગની કર્તાબુદ્ધિ પડી છે તે જીવ રાગથી ભેદજ્ઞાન કરી શકતો નથી. જેને શાંતસ્વરૂપ ચૈતન્યની મહિમા છે અને તેમાં જ સમાઈ જવું છે તેને રાગની મહિમા કે કર્તાબુદ્ધિ આવતી નથી માટે કહ્યું છે કે ચૈતન્યની મહિમા અને રાગની મહિમા એક સાથે રહી શકતી નથી.

કોઈને ક્ષણિક વૈરાગ્ય આવે કે આ સંસાર અશરણ છે માટે તે છોડીને નગ્ન મુનિ થઈ જાઉં.....સાધારણ વૈરાગ્ય આવે એટલે સ્ત્રી, પરિવાર, ઘર, કપડાં વગેરે છોડીને મુનિ થઈ જાય એવું અજ્ઞાનીએ અનંતકાળમાં ઘણીવાર કર્યું, એ કોઈ નવી ચીજ નથી. એ તો અભવિ પણ કરે છે પણ મૂળ ચૈતન્યની મહિમા આવ્યા વગર તે કાંઈ કાર્યકારી નથી.

ચૈતન્યની જો ખરી મહિમા આવે તો તેની પાસે તીર્થંકરગોત્રને યોગ્ય ઊંચામાં ઊંચા શુભભાવની પણ મહિમા રહેતી નથી. પણ જો ચૈતન્યની ખરી

મહિમા આવી નથી તો તેને બાહ્ય પદાર્થોની મહિમા છૂટતી નથી. સંસારને અનિત્ય અને અશરણ તો માને પણ જ્યાં સુધી નિત્ય અને શરણરૂપ ચૈતન્યનું શરણ ન લે ત્યાં સુધી સંસારનું શરણ છૂટતું નથી.

વાત ઘણી સાદી છે પણ કામ ઘણું મોટું અને ઊંચું છે. જીવે અનંતકાળમાં અનંતવાર એવી કડક ક્રિયા કરી છે કે ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એવી ક્રિયાઓ કરી પણ સ્વભાવની મહિમા આવતી નથી ત્યાં સુધી બાહ્ય મહિમા છૂટતી નથી. એકવાર ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે તો ખ્યાલમાં આવે કે–'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' જેમ ભગવાનમાં ઉપશમરસ ભર્યો છે તેમ આત્મામાં પણ ઉપશમરસ છે, પરિપૂર્ણ શાંતરસ ભર્યો છે પણ એને વિશ્વાસ આવતો નથી.

ચૈતન્યનો વિશ્વાસ અને મહિમા નહિ આવવાનું કારણ એ છે કે એક તો આત્મા અરૂપી છે, ક્ષેત્રથી નાનો છે અને અનાદિથી જીવને શુભ અથવા અશુભભાવનો જ અભ્યાસ છે, તેનો જ પરિચય છે. ચૈતન્યની સ્વાભાવિક શાંતિનો અનુભવ જ નથી, તેની ઉપર નજર પણ નથી તેથી પોતાને પોતાના સ્વભાવનો વિશ્વાસ અને મહિમા આવતો નથી.

અજ્ઞાનીને રાગના રસ આડે ચૈતન્યની સમીપતા થતી નથી. સ્થૂળ રાગ છૂટે તો સૂક્ષ્મ રાગમાં–ગુણ-ગુણીના ભેદમાં રોકાઈ જાય છે તો ચૈતન્યની સમીપતા થતી નથી.

જેણે એકવાર સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો નમૂનો ચાખી લીધો તેને એ નમૂના દ્વારા આખા તત્ત્વની પ્રતીતિ થઈ જાય છે. આ જે અંશ છે એવા જ પરિપૂર્ણ જ્ઞાન, આનંદ અને શાંતિથી મારો આત્મા ભરેલો છે એમ એને વિશ્વાસ આવી જાય છે. પણ જેને હજુ નમૂનો જ નજરે પડ્યો નથી તેને આખી ચીજની પ્રતીતિ આવતી નથી.

ચૈતન્યના મહિમાપૂર્વક વિભાવનો મહિમા છૂટે તે ખરો વૈરાગ્ય છે. માત્ર અશુભરાગથી જ નહિ પણ શુભ અને અશુભ બંને રાગથી જે વિરક્ત છે તેને ખરો વૈરાગ્ય છે. એવો વૈરાગી જીવ ચૈતન્યની સમીપ જાય છે. આમ, ચૈતન્યની સમીપતા અને વિભાવથી વૈરાગ્ય એ બંને સાથે જ હોય છે.

ચૈતન્યના એક અંશ–નમૂના વડે આખી ચીજની પ્રતીતિ આવે છે. પૂર્વે કદી જે શાંતિ અને આનંદનો અનુભવ કર્યો નથી એવી અપૂર્વ શાંતિ અને આનંદનો

નમૂનો અનુભવમાં તેને આવે છે. અતીન્દ્રિય આનંદની એવી અપૂર્વતા લાગે છે કે તેની પાસે ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલાં તરણાં જેવા લાગે છે. અતીન્દ્રિય આનંદના અનુભવ વિનાનો વૈરાગ્ય કૃત્રિમ હોય છે. એવો વૈરાગ્ય તો અનંતવાર કર્યો પણ તેનાથી ચૈતન્યની સમીપતા ન થઈ.

ચૈતન્ય મહાપ્રભુ તો અંશી છે. સમ્યગ્દર્શનાદિ તો તેના અંશ છે. એ અંશ વડે આખા ચૈતન્યને ઓળખી લઈને તેની મહિમા કરવી જોઈએ. તે એક જ સારભૂત છે.

હવે ૧૭૪ બોલ.....

'હું છું ચૈતન્ય.' જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતા અશાંતિ રહે છે, પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાંતિ રહે છે. તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.૧૭૪

શું કહે છે? કે—જેને ઘર મળ્યું નથી, બહાર ઊભાં છે તેને બહારની ધમાલ જોઈને અશાંતિ થઈ જાય કે અરે! ઘર મળ્યું નથી અને આ ધમાલ થઈ તે અમારી ઉપર આવી પડશે....એમ તેને અશાંતિ થઈ જાય છે. પણ જેને ચૈતન્યઘર મળી ગયું છે તેને ચૈતન્યઘરમાં રહેતાં થકાં શાંતિ જ વર્તે છે. બહારમાં ધમાલ ચાલતી હોય તેની ચિંતા થતી નથી. બહાર ધમાલમાં ખૂબ માણસો ભેગા થયા હોય, લડાઈ ચાલતી હોય, માણસો ઘવાતાં હોય, પણ પોતે સુરક્ષિત છે, કેમ કે ઘરમાં બેઠો છે પણ જેને ઘર નથી મળ્યું તે ઉપાધિ જોઈને ઉપાધિમાં મૂકાય જાય છે.

જરા સૂક્ષ્મ વાત છે. બેને તો અંદરની વાત થોડી થોડી બહાર મૂકી છે. જેને રાગથી રહિત, વિકલ્પથી રહિત, નિર્વિકલ્પ, આનંદધામ, સુખનું સ્થાન મળી ગયું તેને બહારના કોઈ ફેરફારોથી અશાંતિ થતી નથી. જે સ્વયં શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન અને સ્વયં જ્યોતિ સુખનું ધામ છે તેને બહારમાં ભલે ગમે તેમ થાઓ પણ મારા ચૈતન્યધામમાં તે કોઈનો પ્રવેશ નથી.

આવા ચૈતન્યધામની મહિમા આવ્યા વિના કોઈ પરદ્રવ્યની રુચિ છૂટતી નથી. કેમ કે રુચિ અનુયાયી વીર્ય હોય છે. માટે ફરી ફરીને એક જ વાત

કહેવાય છે કે 'ચૈતન્યના ઘરમાં આવી જા.' પુણ્ય-પાપ રાગ એ તારું ઘર નથી. ચૈતન્ય જ તારું ઘર છે.

જેને ચૈતન્યઘર મળી ગયું છે એટલે કે ચૈતન્યની દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે. ચૈતન્યની દૃષ્ટિ એટલે માત્ર શ્રદ્ધા જ નહિ પણ અતીન્દ્રિય આનંદના અનુભવ સહિત ચૈતન્યની શ્રદ્ધા થાય તેનું નામ ચોથું ગુણસ્થાન છે. ચૈતન્યની દૃષ્ટિ પ્રાપ્ત કરી તેને ચૈતન્યઘર મળી ગયું, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે. કારણ કે જેના માથે ધ્રુવધણી બેઠો છે તેને શી ચિંતા હોય!

સમયસારની પહેલી ગાથામાં સિદ્ધગતિને ધ્રુવ કહી છે કેમ કે ત્યાંથી કોઈને પાછું આવવું પડતું નથી એવી એ ગતિ ધ્રુવ, અચલ અને અનુપમ છે, તેને પામેલા સર્વ સિદ્ધોને વંદન કરું છું. પછી બીજી ગાથામાં કહે છે કે હું સમયસાર કહીશ તેમાં શું હશે? કે—જે જીવ પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે તે 'સ્વસમય' છે અને રાગ-પરિણામમાં જે ઊભા છે તે 'પરસમય' છે. તેમાં 'પુદ્‌ગલપ્રદેશ'માં સ્થિત કહ્યો છે એટલે પરમાણુમાં સ્થિત છે એમ નહિ પણ રાગ એ પુદ્‌ગલનો જ પ્રદેશ છે તેમાં જે સ્થિત છે તે 'પરસમય' છે. શુભભાવના ક્રિયાકાંડમાં રહેલો જીવ પણ 'પરસમય' છે. ક્રિયાકાંડ અને રાગ પુદ્‌ગલના પ્રદેશમાં છે, ભગવાન આત્માના પ્રદેશમાં નથી.

ચોથા-પાંચમા ગુણસ્થાને તો રૌદ્રધ્યાન પણ હોય છે પણ દૃષ્ટિ ધ્રુવસ્વભાવ ઉપર પડી છે તેથી સમ્યક્ત્વ જતું નથી. છઠ્ઠા ગુણસ્થાને રૌદ્રધ્યાન ન હોય, આર્તધ્યાન હોય છે. ચોથા-પાંચમામાં ધર્મીનો ઉપયોગ રાગમાં, લડાઈમાં, વિષય-વાસનામાં, ભોગમાં જાય છે. છતાં અંતરમાં શાંતિ રહે છે કેમ કે ધ્રુવધ્યેયની દૃષ્ટિ થયેલી છે તે ચૈતન્યઘરને છોડીને ક્યાંય જતી નથી, ત્યાંથી ખસતી નથી. તેથી ધર્મીનો ઉપયોગ બહાર જાય છે ત્યારે પણ શાંતિ રહે છે.

હવે ૧૮૩મો બોલ લેવાનો છે.

'ચૈતન્યદેવ રમણીય છે, તેને ઓળખ. બહાર રમણીયતા નથી. શાશ્વત આત્મા રમણીય છે તેને ગ્રહણ કર. ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે. આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે, ત્યાં દૃષ્ટિ દે. ચૈતન્યરમણતા વિનાના વિકલ્પ-

કોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે. તારું વિશ્રામગૃહ છે આત્મા, તેમાં જા તો તને થાક નહિ લાગે, શાંતિ મળશે.' ૧૮૩.

આહાહા....ચૈતન્યને દેવ કહ્યો છે. ચૈતન્યદેવ રમણીય છે. દિવ્યશક્તિનો ધારક હોવાથી આત્મા દેવ છે. અમૃતચંદ્રાચાર્યના કળશમાં પણ ચૈતન્યને દેવ કહ્યો છે. ચૈતન્યની દિવ્યતા પાસે ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલાં કૂતરાં જેવા લાગે છે. ચોથા ગુણસ્થાને પણ પરનો રસ એટલો છૂટી જાય છે.

ચૈતન્યદેવ રમણીય છે તેને ઓળખ. બહારમાં રમણીયતા નથી. સર્વાર્થસિદ્ધિનો વૈભવ હો કે ચક્રવર્તીનો વૈભવ હો, તેમાં રમણીયતા નથી. રમવા યોગ્ય–રમણીક અને શોભનીક કોઈ હોય તો આ નિત્ય ભગવાન આત્મા છે તેને ગ્રહણ કર એટલે કે તેનો અનુભવ કર! અનાદિથી રાગની પક્કડ છે તે છોડી દે અને ચૈતન્યની પક્કડ કર! ચૈતન્ય જેવું રમણીય કોઈ નથી. જેને ચૈતન્યની રમણીયતા ભાસે છે તેને આખી દુનિયાની રમણીયતા તુચ્છ લાગે છે.

'શાશ્વત અતીન્દ્રિય આત્મદેવને ગ્રહણ કર! રાગની પક્કડ છોડી દે.' ભાષા તો સાદી છે પણ ભાવ બહુ કઠણ છે ભાઈ!

બહારના ક્રિયાકાંડ અને આડંબરમાં પોતાને રોકી લીધો છે. આ કર્યું અને આ છોડ્યું વગેરે અનેક પ્રકારના વિકલ્પ ઉઠે છે તે કોલાહલ છે–વિકલ્પની જાળ છે, તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે. જે દૃષ્ટિ રાગ ઉપર છે તેને પલટીને દ્રવ્ય ઉપર લઈ લે. દૃષ્ટિ પર્યાય છે માટે પલટવાનો તો તેનો સ્વભાવ જ છે પણ સ્વને ધ્યેય બનાવ્યું નથી તેથી પરમાં ને પરમાં પલટ્યા કરે છે. રાગ-દ્વેષનાં લક્ષે દૃષ્ટિ ફર્યા કરે છે પણ સ્વઘરમાં આવતી નથી.

દોષ રહિત દ્રવ્યલિંગ પાળીને આ જીવ નવમી ગ્રૈવેયક પણ જઈ આવ્યો, પણ દૃષ્ટિ જ્યાં સુધી દ્રવ્ય ઉપર આવી નથી ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ જ છે. માટે અહીં કહે છે કે પ્રથમ દૃષ્ટિનો પલટો કર! વિકલ્પ ઉપરથી દૃષ્ટિ હટાવીને સ્વભાવ ઉપર લઈ આવ! આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે ત્યાં દૃષ્ટિ દે. વિકલ્પ ઉઠવા તે આત્માનો સ્વભાવ નથી. સ્વભાવથી જ આત્મા નિર્વિકલ્પ છે તેમાં દૃષ્ટિ લગાવી દે પ્રભુ!

સમયસારની બીજી ગાથાનો પ્રથમ શબ્દ 'જીવો...' છે તેના ઉપરથી ૪૭ શક્તિમાં પ્રથમ જીવત્વશક્તિ લીધી છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ,

અનંતવીર્ય એ જીવનું જીવન છે તેને જે ધરનારો છે તે જીવ છે, તેને વિકલ્પનો સંગ જ નથી. આમ કરું, આમ ન કરું, આ છોડું, આ ન છોડું એ બધી વિકલ્પની એટલે કે રાગની જાળ છે. તેમાં જીવને થાક લાગે છે, વિશ્રામ મળતો નથી.

ચોરાશીના અવતારનો થાક ઉતારવા માટે વિશ્રામગૃહ કોઈ હોય તો આત્મા છે, તેમાં જા, તને થાક નહિ લાગે, થાક ઉતરી જશે અને શાંતિ મળશે. ચોરાશી લાખ યોનિના અવતાર છૂટી જશે.

જેમ કરોળિયો પોતાના મોઢામાંથી લાળ કાઢીને તેમાં પોતે પડ્યો રહે છે તેમ, અજ્ઞાની અજ્ઞાનની જાળ પાથરીને પોતે જ તેમાં ફસાય છે. મનુષ્યને બે પગ હોય તે સ્ત્રીને પરણે એટલે ચાર પગવાળો તિર્યંચ થઈ જાય છે. તેથી તો લગ્ન કરવા તેને 'દુર્ઘટના' કહી છે. ત્રિલોકીનાથ મહાવીર પરમાત્મા બ્રહ્મચારી રહ્યા, લગ્ન ન કર્યાં કેમ કે લગ્ન એ તો દુર્ઘટનાનું ઘર છે. વિશ્રામગૃહ તો એક આત્મા જ છે, તેમાં જાય તેને બધો થાક ઉતરી જાય છે અને શાંતિસાગર આત્મામાંથી શાંતિ....શાંતિ....પૂર્ણ શાંતિ મળે છે. શાંતિ એટલે 'અકષાયભાવ', તેનાથી આત્મા પૂર્ણ ભરેલો છે. તેમાંથી શાંતિનો એક અંશ આવે તેની પાસે સર્વાર્થસિદ્ધિદેવની શાંતિની કાંઈ ગણતરી નથી. સર્વાર્થસિદ્ધિના દેવ સમકિતી એક ભવતારી હોય છે છતાં તેની શાંતિ કરતાં સમકિતી મનુષ્યની શાંતિ વિશેષ છે કે જેના બળે તે ચોથાથી પાંચમા ગુણસ્થાને જાય છે.

ભાઈ! આ કાંઈ વિકલ્પથી કે શ્રવણથી થયેલી ધારણાથી બેસી જાય એવી વાત નથી. પોતાની વસ્તુને સ્પર્શવાથી જે શાંતિ અને આનંદ આવશે તેની જાત જ જુદી છે. આત્મા જેવી શાંતિ ત્રણલોકમાં બીજે ક્યાંય નથી. બહારમાં ક્યાંય શાંતિ નથી. અંદરમાં જ શાંતિ છે.

હવે ૧૮૫મો બોલ લેવાનો છે.

મુનિરાજ કહે છે :---ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે. તેની અંદરમાં જવું અને આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે. ચૈતન્યમાં સ્થિર થઈ અપૂર્વતાની પ્રાપ્તિ ન કરી, અવર્ણનીય સમાધિ પ્રાપ્ત ન કરી, તો અમારો જે વિષય છે તે અમે પ્રગટ ન કર્યો. બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્યગુણપર્યાયના વિચારોમાં રોકાવું થાય છે, પણ ખરેખર તે અમારો વિષય નથી. આત્મામાં નવીનતાઓનો

ભંડાર છે. ભેદજ્ઞાનનાં અભ્યાસ વડે જો તે નવીનતા—અપૂર્વતા પ્રગટ ન કરી, તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું. ૧૮૫

મુનિરાજ કહે છે :—કોણ કહે છે! મહાવ્રતધારી સત્ય બોલનારા મુનિરાજ કહે છે કે ચૈતન્ય પદાર્થ જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા આદિથી પૂર્ણ ભરેલો છે તેમાં રાગની ગંધ નથી. આખી દુનિયામાં ફેરફાર થઈ જાય પણ વીતરાગમૂર્તિ આત્મામાં ફેરફાર ન થાય એવો આત્મદેવ અફર છે, માટે રાગથી હટીને વીતરાગમૂર્તિ આત્માની અંદર જવું અને આત્મામાં જે જે કાંઈ સંપદા છે તેને પ્રાપ્ત કરવી તે અમારો વિષય છે. ભગવાનની વાણીમાં અને ગણધરદેવે રચેલ બાર અંગમાં કહેવાનો સાર આ છે કે વીતરાગતા પ્રગટ કરો, આનંદની અનુભૂતિ કરો, કારણ કે તમારા ઘરમાં આનંદ જ ભર્યો છે.

પોતાના આત્મા સિવાય ક્યાંય સુખની ગંધ પણ નથી. આત્મા સિવાય બીજે ક્યાંય સુખ લાગે, પરંપરા સુખ થશે એમ લાગે, રાગ કરતાં કરતાં ધર્મ થશે એમ લાગે એ દુર્ગંધ છે, મિથ્યાત્વ છે. રાગ કરતાં કરતાં કે ક્રિયાકાંડ કરતાં કરતાં આત્મામાં જવાય એમ બનવું અશક્ય છે.

સાચા મુનિ તેને કહેવાય કે જેનો વિષય એક આત્મા જ છે; આત્મામાં જવું અને આત્મસંપદા પ્રાપ્ત કરવી એ જ એમનું કાર્ય છે. બહારમાં ઉપયોગ જાય છે તે મુનિને દુઃખરૂપ લાગે છે. બીજાને ઉપદેશ દેવો, શાસ્ત્ર લખવા એ પણ, મુનિ કહે છે કે અમારો વિષય નથી. વિકલ્પ આવી જાય અને ઉપદેશ અપાઈ જાય તો અપાય જાય પણ તે અમારો વિષય નથી.

મુનિરાજ કહે છે કે ચૈતન્યમાં સ્થિર થઈ, અપૂર્વતાની પ્રાપ્તિ ન કરી, અવર્ણનીય સમાધિ પ્રાપ્ત ન કરી તો અમારો જે વિષય છે તે અમે પ્રગટ ન કર્યો. દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચારોમાં રોકાવું થાય છે તે પણ અમારા માટે અનાવશ્યક છે. આ વાત નિયમસારના આવશ્યક અધિકારમાં મૂળ ગાથાના પાઠમાં આવે છે. તેમાં પદ્મપ્રભમલધારીદેવ પોતે કહે છે કે પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ અમારો વિષય નથી. અમારો વિષય તો એક આત્મા છે, એક જ ધ્યેય છે. છતાં કોઈ બાહ્યલક્ષી વિકલ્પ આવી જાય છે તેનો અમને ખેદ છે. અમારી ચીજમાં ત્રણકાળમાં વિકલ્પનો અભાવ છે....આ શ્લોક ઉપર બેનનું વાંચન થયું હશે તેમાંથી આ બોલ લખાયો છે. ❋

# કસોટી

દિગમ્બર જૈનધર્મની દૃઢ શ્રદ્ધાવંત શ્રેષ્ઠિકન્યા બંધુશ્રીની વિધર્મી રાજા પ્રત્યેની અત્યંત વિરક્તિ

આ ભરતક્ષેત્રમાં માલવ દેશમાં અમરાવતી સમાન સુંદર ઉજ્જૈન નગરના રાજા વિશ્વંધરને ગુણપાલ નામનો એક રાજશ્રેષ્ઠી હતો, જેને ઇન્દ્રાણી સમાન સુંદર ધનશ્રી નામની સ્ત્રી હતી. તે બન્નેને લક્ષ્મી અને સરસ્વતી સમાન ગુણશાળી બંધુશ્રી નામની પુત્રી હતી.

વિશ્વંધર રાજા એક દિવસ વનક્રીડા માટે જઈ રહ્યો હતો, માર્ગમાં તેણે સખીઓની સાથે ક્રીડા કરતી શ્રેષ્ઠીકન્યા બંધુશ્રીને દેખી. આ અનિંદ્ય સુંદરીને દેખતાં જ રાજા કામપીડિત થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે આ દેવાંગના સમાન સુંદરીના અભાવમાં મારે જીવિત રહેવું નિરર્થક છે,—એમ વિચારી એક દાસીને બોલાવીને કહ્યું કે તું ગુણપાલ શેઠના ઘરે જા અને કહે કે રાજા તમારી પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઇચ્છે છે, તેથી શીઘ્ર શુભ મુહૂર્તમાં લગ્નની તૈયારી કરવા ફરમાવે છે.

દાસી ગુણપાલ શેઠના ઘરે આવીને કહે છે કે આપને હું ખુશાલીના સમાચાર આપવા આવી છું. મહારાજા વિશ્વંધર આપની પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઇચ્છે છે. આપનું ભાગ્ય જાગ્યું છે, મહારાજા જેવા જમાઈ મળવા એ ઓછી ગૌરવની વાત નથી! આપ મહા ભાગ્યશાળી છો, આપની કન્યાના સૌભાગ્યની શું પ્રશંસા કરવી? બંધુશ્રી તો હવે રાજાની પટરાણી બનશે.

ગુણપાલ શેઠ દાસીના વચનો સાંભળી વિચારવાં લાગ્યા કે કન્યા સદા દિગમ્બર જૈન ધર્મીને જ દેવી જોઈએ, વિધર્મીને કન્યા આપવી તે મહા પાપ છે. રાજા દિગમ્બર જૈન ધર્મી નથી, વિધર્મી છે, તેથી ગમે તે થાવ પણ હું વિધર્મી રાજાને મારી કન્યા નહિ આપું. સંસારી સુખ માટે ધર્મ વેચી ન શકાય. ધર્મ જ સંસારથી ઉદ્ધાર કરનારો છે. ધર્મ જ જીવનો સાથી છે, એના વિના જીવવું નિરર્થક છે. જે વ્યક્તિ સાંસારીક પ્રલોભનમાં આવીને પોતાની કન્યા વિધર્મીને આપે છે તે નિંદનીય છે. અત્યાર સુધી બંધુશ્રીએ વીતરાગી પ્રભુની સેવા-પૂજા ઉપાસના-ભક્તિ આદિ કર્યું છે, હવે તે વિધર્મીને ત્યાં જવાથી કેવી રીતે પોતાના ધર્મની રક્ષા કરી

શકશે? શું વાસના માટે ધર્મને વેચી શકાશે? નહિ, નહિ, કદાપિ ધર્મ વેચી ન શકાય. હું મારી કન્યાના જૈન ધર્માનુયાયીની સાથે જ લગ્ન કરીશ, ભલે તે ગરીબ કેમ ન હોય! ધન તો સાંસારીક વસ્તુ છે. આજે છે ને કાલે નહિ હોય, એનો શું ભરોંસો? પરંતુ દિગમ્બર જૈનધર્મ શાશ્વત વસ્તુ છે, એ જ આત્માનો સાથી છે, એને છોડી દઈને કોઈ પણ પદાર્થ પોતાનો નથી. એમ વિચારસાગરમાં મગ્ન થઈ ગુણમલ શેઠ વ્યથિત થઈ ગયા. તેમણે રાજાની દાસીને મીઠા વચનોથી સમજાવીને વિદાય કરી.

પછી પોતાની પત્નીને બોલાવીને તેનો અભિપ્રાય જાણવા શેઠ કહેવા લાગ્યા કે મહાપ્રતાપી વિશ્વંધર મહારાજા બંધુશ્રી સાથે વિવાહ કરવા માગે છે તે આપણા માટે કેટલી ગૌરવની વાત છે! બંધુશ્રી પટરાણી બનશે, રાજદરબારમાં અમારું માન રહેશે, તેથી જલ્દીથી બંધુશ્રીના લગ્નની તૈયારી કરવી જોઈએ.

ત્યારે ધનશ્રી કહે છે કે સ્વામીન્! આજ આપને આ શું થઈ ગયું? આપે નશો તો નથી કર્યો ને? આપ આપના મુખેથી કેવી વિચિત્ર વાત કરી રહ્યા છો? રાજા વિશ્વંધર વિધર્મી છે, મિથ્યાદૃષ્ટિ છે. તેની સાથે મારી પુત્રીના લગ્ન કદાપી નહિ જ થઈ શકે. વીતરાગી પ્રભુની સેવા વિના રૂપ, લાવણ્ય, વિદ્યા, ધન, વૈભવ, આદિ બધું વ્યર્થ છે. મદોન્મત્ત હાથીના પગ નીચે દબાઈને મરવું સારું પણ વિધર્મીની સાથે દીકરીના લગ્ન કરવા તે સારું નહિ. જે વ્યક્તિ ધર્મ કરતાં રાજ્ય અને વૈભવને વધુ મહત્ત્વ આપે છે તે હલકી કોટીનો છે, કેમ કે દિ. જૈનધર્મની પાસે રાજ્ય વૈભવ તુચ્છ વસ્તુ છે, એ ક્ષણિક વૈભવની તુલના દિ.જૈનધર્મની સાથે થઈ શકે નહિ.

આશ્ચર્ય થાય છે કે સ્વામી! આપ દિ. જૈનધર્મના મર્મજ્ઞ હોવા છતાં બાહ્ય ઐશ્વર્યને મહત્તા આપી રહ્યા છો! અનિત્ય સુખને આપે હિતકર માની લીધા! શું આપ બંધુશ્રીને નરકમાં નાંખવા ઈચ્છો છો? આપણી પુત્રી બહુ જ ધર્માનુરાગી છે. જો તેનો વિવાહ વિધર્મીની સાથે થશે તો તેનો ઉદ્ધાર થવો અસંભવ છે. સંસારમાં અનંતકાળ પરિભ્રમણ કરતાં કરતાં કઠિનતાથી દિ. જૈનધર્મની પ્રાપ્તિ થાય છે, જે વ્યક્તિ દિ. જૈનધર્મ પામીને પોતાનું કલ્યાણ કરતો નથી તેના સમાન મૂર્ખ બીજો કોણ હોઈ શકે? વિધર્મી રાજાની સાથે આપણી કન્યાના લગ્ન કરવા એટલે કન્યા સિંહને સમર્પણ કરવા સમાન છે. સમજાતું નથી કે આપ સંપત્તિમાં કેમ મુગ્ધ થઈ ગયા છો? ધન-વૈભવ પ્રાપ્ત કરવામાં કાંઈ મહેનત પડતી નથી

પરંતુ ધર્મ પ્રાપ્ત કરવામાં તો ઘણી મહેનત કરવી પડે છે. મને દઢ વિશ્વાસ છે કે દિ. જૈનધર્મીને સંસારમાં વૈભવ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે. વિભૂતિઓ તેના ચરણની દાસીઓ બની જાય છે. ક્ષણિક ઐશ્વર્યને દેખીને દિ. જૈનધર્મને છોડી દે છે તે, કાચનું સૌંદર્ય દેખીને માણેકને છોડી દેનારા જેવો છે.

મિથ્યાદષ્ટિનો વૈભવ સ્થિર નથી રહેતો, થોડા જ દિવસોમાં તેની સંપત્તિ નાશ થઈ જાય છે ને ઘરઘરનો ભીખારી થઈ ભટકે છે, ઐશ્વર્ય હોવું તે કાંઈ મોટાઈ નથી પણ સાચા દિ. જૈનધર્મને ધારણ કરવાથી મનુષ્ય મોટો-મહાન ગણાય છે.

આપ બુદ્ધિમાન છો, ધર્માત્મા છો, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ જાણનારા છો, તોપણ આપને આવો ભ્રમ કેમ થયો? આપ સ્વયં વિચાર કરો, મારી વાત કેમ લાગે છે? હું આપને શું ઉપદેશ આપી શકું? આપ વિશેષજ્ઞ છો, શાસ્ત્રની મર્યાદા જાણનારા છો તેથી આપની આજ્ઞા જ મારે શિરોધાર્ય છે, મેં તો ફક્ત મારા વિચારો આપની સમક્ષ રજુ કર્યા છે.

એ સાંભળીને ગુણપાલ શેઠ પોતાની પત્નીને કહે છે કે તમારી બુદ્ધિ અને ઉચ્ચ વિચારો જાણી મારા હૃદયમાં અત્યંત પ્રસન્નતા થાય છે. મેં તો ફક્ત તમારી પરીક્ષા લીધી હતી. વિધર્મીને કન્યા દેવાના પક્ષમાં હું બિલકુલ નથી, મારો વિચાર સાધર્મીની સાથે જ કન્યાના વિવાહ કરવાનો છે. હવે બંધુશ્રીને બોલાવીને તેના વિચારો પણ જાણી લેવા જોઈએ કેમ કે વિવાહમાં કન્યાની સલાહ લેવી પણ જરૂરી છે.

ગુણપાલ શેઠે બંધુશ્રીને બોલાવીને પ્રેમપૂર્વક કહ્યું બેટી! તારી સમાન કોણ પુણ્યવાન હશે? માલવનરેશે જ સ્વયં તારી સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે અને વિવાહ થયા બાદ તુરત જ તને પટરાણીનું પદ અર્પણ કરશે, સમસ્ત રાજ્ય- સુખને તું ભોગવીશ, અમારું પણ ભાગ્ય જાગશે ને સમસ્ત દેશ અમારું સન્માન કરશે. રાજા પણ મને ઉચ્ચ આસન આપશે અને જ્યારે તારા પુત્રને રાજ્ય-શાસન મળશે ત્યારે અમારી પ્રતિષ્ઠા તો ઘણી જ વધી જશે. બેટી! અમે ધન્ય છીએ કે તારા જેવી કન્યા અમને પ્રાપ્ત થઈ છે. આજ અમારી જેવું સૌભાગ્યશાળી કોણ હશે? પુણ્યાત્માને જ આવો સુઅવસર પ્રાપ્ત થાય છે.

પિતાશ્રીના આવા ઊલટા શબ્દો સાંભળીને બંધુશ્રી ખેદથી કહે છે કે પિતાજી! ક્ષમા કરજો, આજે આપને આ શું થઈ ગયું છે? આપ મને સાંસારીક

વૈભવમાં લોભાવવા માગો છો? આપ વિધર્મીની સાથે મારા લગ્ન કરીને મારા ધર્મને નષ્ટ કરવા ઇચ્છો છો? હું વાસનાલોલુપી નથી, ધર્મને કોડીના મોલથી વેચવો એ બુદ્ધિમાનીનું કામ નથી. શું આપ નથી જાણતા કે આ દિગમ્બર જૈન ધર્મ જ દરેક પ્રાણીઓનું હિત કરવાવાળો છે! આ ધર્મ જ ત્રિભુવનમાં ઉત્તમ, પૂજ્ય અને વંદનીય છે. સમસ્ત સુખને દેવાવાળો આ દિ. જૈનધર્મ જ છે. આ ઉત્તમ ધર્મને ધારણ કરવાથી જ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે. આવો જૈનધર્મ મહાન પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે.

પિતાજી! ધ્યાનથી સાંભળજો, હું આપને દિગમ્બર જૈનધર્મની દૃઢતાનો એક પ્રસંગ સંભળાવું છું. આવા તો અનેક પ્રસંગો પૂર્વે બની ગયા છે.

મહારાણી ચેલના રાજગૃહીમાં આવીને મહારાજા શ્રેણીક સાથે લગ્નથી જોડાય છે ને અચાનક તેનું ધ્યાન જાય છે કે મહારાજ શ્રેણીકનું ઘર પરમ પવિત્ર જૈન ધર્મથી રહિત છે. હાય! પુત્ર અભયકુમારે મહાન બુરું કર્યું, મારા નગરમાં છળથી જૈન ધર્મનો વૈભવ બતાવી મને ભોલીભાલીને છેતરી લીધી. અહા! જે ઘરમાં પવિત્ર જિનધર્મની પ્રવૃત્તિ છે તે જ ઘર ખરેખર ઉત્તમ છે, પરંતુ જ્યાં પવિત્ર જૈનધર્મની પ્રવૃત્તિ નથી તે ઘર રાજમહેલ હોય તોપણ કદી ઉત્તમ કહી શકાતું નથી પરંતુ પક્ષીઓના માળા સમાન છે. સંસારમાં ધર્મ હોય અને ધન ન હોય તો ધર્મની પાસે ધન ન હોવું તો સારું છે પરંતુ ધર્મ વિના અતિશય મનોહર સાંસારીક સુખનું કેન્દ્ર એવું ચક્રવર્તીપણું પણ સારું નથી. ભયંકર વનમાં નિવાસ કરવો ઉત્તમ છે, અગ્નિમાં બળવાથી કે વિષથી મૃત્યુ થાય તે સારું છે તેમ જ સમુદ્રમાં ડુબવાથી મરણ થાય તે સારું છે પરંતુ જૈનધર્મ રહિત જીવન જીવવું સારું નથી. પતિ ભલે કદાચ ઘણા ગુણોનો ભંડાર હોય તોપણ તે જિનધર્મી ન હોય તો શું કામનો? કેમ કે કુમાર્ગગામી પતિના સહવાસથી આ ભવમાં પર ભવમાં અનેક પ્રકારના દુઃખ જ ભોગવવા પડે છે. હાય! પૂર્વ ભવમાં મેં એવા ક્યા ઘોર પાપો કર્યા હતા કે જેથી આ ભવમાં મારે જૈનધર્મથી વિમુખ થવું પડ્યું! આ રીતે જિનધર્મી ચેલના પવિત્ર જૈનધર્મ રહિત ઘર અને પતિ મળતા મહા વિલાપ કરે છે.

મને મહાન આશ્ચર્ય થઈ રહ્યું છે કે મિથ્યાદૃષ્ટિની સાથે આપ મારા વિવાહ કરવા કેવી રીતે તૈયાર થઈ ગયા? શું તમે મારું હિત નથી ઇચ્છતા? હિતૈષી થઈને પણ વિધર્મી સાથે મારો વિવાહ કરવા તૈયાર થયા છો? મારે માટે ધર્મની

પાસે રાજ્યવૈભવ રાખ સમાન છે. આજે તમને તમારા સન્માનનો ખ્યાલ આવે છે, પણ વિધર્મીની સાથે મારા વિવાહ કરવા કરતાં આપ મારી હત્યા કરી દ્યો એ વધુ શ્રેષ્ઠ છે. હું દિ. જૈનધર્મનું પાલન કરતાં કરતાં મારો પ્રાણ દેવો પણ ઉચિત સમજું છું. અરેરે! આપ પિતા થઈને પણ મારું અનિષ્ટ કરવા તૈયાર થઈ ગયા છો! શું આ સમયે મારી રક્ષા કોઈ નહિ કરે? એમ કહીને બંધુશ્રી રુદન કરવા લાગી.

બંધુશ્રીની ધર્મશ્રદ્ધા દેખીને ગુણપાલ શેઠ પુત્રીને કહે છે કે ધન્ય છે પુત્રી તને! આજ મારું જીવન સફળ થયું. તારી જેવી પુત્રીને પામી હું ઘણો જ ગૌરવ અનુભવું છું બેટી! આ તો માત્ર તારી પરીક્ષા જ હતી તેમાં તું પૂરેપૂરી સફળ થઈ છો. બેટી! હું જીવતો છું ત્યાં સુધી તારા વિવાહ વિધર્મીની સાથે કદાપી થવા દઈશ નહિ.

ગુણપાલ શેઠ વિચારવા લાગ્યા કે અહીં રહેવાથી રાજા બળપૂર્વક મારી કન્યા સાથે વિવાહ કરી લેશે અને રાજાજ્ઞા ઉલ્લંઘનથી દંડ પણ ભોગવવો પડશે. તેથી આ ગામ છોડીને ચાલ્યા જવાથી પુત્રીની રક્ષા થઈ શકશે. આ પ્રકારે વિચાર કરી ગુણપાલ શેઠ પોતાની એક અબજ ને આઠ કરોડની સંપત્તિ છોડીને પુત્રીને લઈને રાતોરાત પોતાનું ગામ છોડીને ચાલી નીકળ્યા!

જ્યારે રાજાને ખબર પડે છે કે ગુણપાલ શેઠ પોતાની સર્વ સંપત્તિને જેમની તેમ છોડી પોતાની પુત્રીને લઈને ચાલ્યા ગયા છે ત્યારે રાજા વિચારે છે કે એ ધર્માત્મા મને પાપી કુકર્મીને કન્યા દેવાનું ઉચિત સમજ્યા નહિ તેથી અહીંથી ચુપચાપ રાતોરાત ચાલ્યા ગયા, અહો! વાસ્તવમાં દિ. જૈનધર્મ જ જીવોનું કલ્યાણ કરવાવાળો છે. મેં કુધર્મનું સેવન કરી મારું જીવન બરબાદ કર્યું. એ પ્રકારે વિચારતાં રાજાની બુદ્ધિ-રુચિ કુધર્મથી છૂટી ગઈ અને જિનધર્માનુયાયી શેઠ ગુણપાલને શોધવા માટે ચારે બાજુ માણસોને મોકલી દીધા. *(શ્રી નયસેનાચાર્ય રચિત ધર્મામૃતના આધારે)*

પૂજ્ય ગુરુદેવશ્રી પણ પ્રસંગોપાત વાત નીકળતાં કહે છે કે દિગમ્બર જૈન ધર્મ છે તે જ સત્ય સનાતન ધર્મ છે, એ વિનાના બીજા બધા સંપ્રદાયો છે તે વિધર્મી છે, અન્યધર્મી છે. તેથી જેને દિગમ્બર જૈનધર્મમાં જ પ્રેમ લાગ્યો છે,—તે જ સત્ય ધર્મ લાગ્યો છે, તે પોતાની દીકરીને અન્ય ધર્મમાં આપે નહિ અને જે પોતાની દીકરીને અન્ય ધર્મમાં આપે છે તેણે દિગમ્બર જૈન ધર્મ જ એક સત્ય છે તેમ વ્યવહારે પણ માન્યું નથી, એના વ્યવહારમાં પણ ખોટું છે.

અરે! દીકરીઓએ ૧૮-૨૦-૨૨ વર્ષ સુધી જિનેન્દ્રદેવનું શરણ લઈને

સેવા-પૂજા-ભક્તિ-ઉપાસના કરી હોય ને તે દીકરીને અન્ય ધર્મમાં આપતા કુદેવને માથું ધરવું પડશે! શાસ્ત્રોમાં તો કુધર્મમાં દીકરી નહીં દેવા માટેનું તથા સાધર્મીને પોતાની દીકરી આપીને પણ સહાય કરવાનું ઘણું ઘણું લખાણ આવે છે.

કેટલાક ધન-વૈભવ-માન-મોટાઈ આદિના મોહથી પોતાની દીકરીને અન્ય ધર્મમાં આપે છે ને પછી સમાધાન લ્યે છે કે દીકરીના સાસરીયામાં ધર્મનો આગ્રહ નથી, જમાઈ ધર્મમાં વિઘ્ન કરે તેવો નથી—એવા એવા સમાધાન લ્યે છે ને કાળક્રમે દીકરીને કુધર્મના સમાગમના સંસ્કાર પડી જાય છે ને સત્ય ધર્મના સંસ્કાર ભૂંસાઈ જાય છે. અરેરે! અણમૂલો દિગમ્બર જૈનધર્મ પામવા છતાં, દિગમ્બર જૈનધર્મથી વિમુખ થઈને પોતાનો અતિ અતિ દુર્લભ એવો માનવભવ નિરર્થક જાય છે ને ચાર ગતિમાં રખડે છે.

*

---

[મુક્ત સ્વભાવ....પેઈજ ૮થી સળંગ]

પંચમકાળના જીવો માટે પણ આવી વાત લીધી છે કે અપ્રતિબુદ્ધ શ્રોતાને આ તત્ત્વ સમજાવતાં...એ સમજીને પ્રતિબુદ્ધ થયો અને કહે છે કે અમને જે આ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ થયાં છે તે પડવાના નથી. ભલે એકાદ-બે ભવ હોય પણ અમારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે તે ખસવાની નથી.

શ્રોતા :—આજ તો રંગ બહુ જામ્યો! (ગુરુદેવ! આજ જામી!)

પૂજ્યશ્રી :—બોલ એવો છે ને! કહે છે કે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે...એનો અર્થ એવો છે કે મુક્તિ તો આવે જ. ઝાડના મૂળને પકડ્યું તેને ફળ–ફૂલ તો મળશે જ તેમ, જેણે મૂળ ભગવાનને પકડ્યો તેને તેના ફળરૂપ સિદ્ધપર્યાય તો આવ્યે જ છૂટકો છે; આવે જ.

પર્યાય ભલે ચાર જ્ઞાનની હો કે ક્ષાયિક સમકિતની હો પણ તેની પણ ઉપેક્ષા છે અને દ્રવ્યનું આલંબન છે તેને સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે. એવી વસ્તુની સ્થિતિ અને મર્યાદા છે. આગળ વાત આવી ગઈ છે કે પૂર્ણસ્વભાવની દૃષ્ટિ થાય અને પૂર્ણદશા ન પ્રગટે તો જગતનો નાશ થાય. સાધકદશા શરૂ થઈ અને પૂર્ણ ન થાય તો દ્રવ્યનો જ નાશ થાય તો એ રીતે બધા દ્રવ્યનો નાશ થતાં જગતનો જ નાશ થાય. માટે સાધકદશા પ્રગટી અને તેના ફળરૂપ સિદ્ધદશા ન આવે એમ બને જ નહીં. *

તા.૪-૮-૯૬

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન--વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : 'શ્રી પ્રવચનસાર' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

પ્રવચન પહેલાં : પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ

પ્રવચન બાદ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

## ૮૩મી જન્મજયંતી-નિમંત્રણપત્રિકા લેખનવિધિનો ભવ્ય સમારોહ સાનંદ સંપન્ન

પૂજ્ય બહેનશ્રીની ૮૩મી જન્મજયંતીની મનોજ્ઞ નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૮-૭-૯૬ ને રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ. આ પ્રસંગે આવેલા રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર-વઢવાણ-જોરાવરનગર, બોટાદ આદિના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સવારે ૮।। વાગે ટ્રસ્ટી શ્રી ચિમનભાઈ મોદીના નિવાસસ્થાનેથી ધવલ અશ્વયુગલની બગીમાં નિમંત્રણપત્રિકાને બેન્ડવાજા સહિત વાજતે-ગાજતે ભવ્ય ઝુલુસરૂપે સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી હતી. તત્ પશ્ચાત્ પૂજ્ય ગુરુદેવશ્રીનાં અલૌકિક ટેપ-પ્રવચન-શ્રવણનો લાભ લીધા બાદ શ્રી વિજયભાઈ ચિમનલાલ મોદીએ નિમંત્રણપત્રિકાનું વાંચન કર્યું. લેખનવિધિની મંગલ શરૂઆત આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈના શુભ હસ્તે કરાવ્યા બાદ મોદી પરિવારના સભ્યોએ અને ક્રમશઃ ઉપસ્થિત સર્વે મુમુક્ષુ ભાઈઓએ લેખનવિધિ સ્વહસ્તે કરવાનો લાભ લીધો. લેખનવિધિ બાદ આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ તેમ જ મોદી પરિવારના હસ્તે પૂજ્ય ગુરુદેવશ્રીને મંગલ ભક્તિ ગીત સહિત નિમંત્રણપત્રિકા અર્પણ કરવામાં આવી. ત્યારબાદ

પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને પૂજ્ય બહેનશ્રીને (ચિત્રપટ સમક્ષ) પત્રિકા અર્પણ કરવામાં આવી. આ ભવ્ય સમારોહની પ્રસન્નતારૂપે શ્રી ચિમનભાઈ મોદી તરફથી સમસ્ત મુમુક્ષુઓ માટે સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું. એ રીતે અત્યંત આનંદોલ્લાસપૂર્વક આ ભવ્ય સમારોહ ઉજવાયો હતો.

**વીરશાસન જયંતી :–** અષાડ વદ-૧, તા. ૩૧-૭-૯૬, બુધવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીની પ્રથમ દિવ્યધ્વનિનો મહા-ઉપકારીદિન, પૂજા-ભક્તિ આદિના વિશેષ કાર્યક્રમપૂર્વક આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવ્યો હતો.

**અષ્ટાહ્નિકા પર્વ :–** અષાડ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા દ્વિતીય અષાડ સુદ-૭, મંગળવાર, તા. ૨૩-૭-૯૬ થી અષાડ સુદ-૧૫, મંગળવાર, તા. ૩૦-૭-૯૬ સુધી શ્રી નંદીશ્વર જિનાલયમાં પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવી હતી.

**રક્ષાબંધન પર્વ :-** શ્રાવણ સુદ ૧૫, બુધવાર, તા. ૨૮-૮-૯૬ના રોજ શ્રી રક્ષાબંધનપર્વ—શ્રી વિષ્ણુકુમાર મુનિરાજ દ્વારા શ્રી અકમ્પનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની રક્ષાનો પર્વ—પૂજાભક્તિના વિશેષ આયોજન સહ ઉજવવામાં આવશે.

**જૈન ધાર્મિક શિક્ષણ વર્ગ :—** પૂજ્ય બહેનશ્રીના જન્મજયંતી-મહોત્સવના મંગલ અવસર પર દર વર્ષે રાખવામાં આવતો જૈન-ધાર્મિક શિક્ષણ વર્ગ તા. ૧૧-૮-૯૬ થી તા. ૩૦-૮-૯૬ વીસ દિવસ સુધી જૈન પ્રૌઢ (પુરુષ) શિક્ષણાર્થીઓ માટે રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુ મહાનુભાવોને લાભ લેવા સાદર નિમંત્રણ છે. ઉત્તમ વર્ગમાં સમયસાર પૂર્વરંગ અને મોક્ષમાર્ગ પ્રકાશક-ઉભયાભાસ (સાતમા) અધિકાર પર તથા મધ્યમ વર્ગમાં જૈન સિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા અને મોક્ષમાર્ગ પ્રકાશક પર શિક્ષણ આપવામાં આવશે.

**દશલક્ષણ-પર્યુષણપર્વ :—** ભાદરવા સુદ ૫, મંગળવાર, તા. ૧૭-૯-૯૬ થી ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૨૬-૯-૯૬ દસ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ-પર્યુષણપર્વ', દશલક્ષણમંડલવિધાનપૂજા તથા ઉત્તમ ક્ષમાદિ મુનિધર્મ-મહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

**ઉત્તમક્ષમાવણી-પર્વ :—** ભાદરવા વદ-૧, શુક્રવાર, તા. ૨૭-૯-૯૬ના રોજ ક્ષમાવણી-પૂજા-ભક્તિ તેમ જ સમૂહ ક્ષમાવણીપૂર્વક ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવશે.

*

[જન્મજયંતી-વિશેષાંક હોવાથી "વૈરાગ્ય સમાચાર" આવતા અંકે આપવામાં આવશે.]

*

તત્ત્વ-પ્રચાર માટે વિદ્વાન વાંચનકાર

## ડૉ. પ્રવિણભાઈ દોશી (રાજકોટ) તથા શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) નો વિદેશ-પ્રવાસ

## Dr. Pravinbhai Doshi, FRCS (London)'s lecture tour on Jainism in U.S.A.

| Day | Date | City | Contect |
|---|---|---|---|
| Mon-Tue | Sept 9 to 17 | Phoneix-AZ | Dr. Kirit Gosalia Phone 602-863-1073 |
| Wed-Thu | Sept 18 to 27 | Washington, DC | Dr. ManojDharamsi 703-620-9837<br>Rajni Gosalia Phone 301-464-5947 |
| Fri-Thu | Sept 27-Oct 03 | San Francisco | Himatbhai Dagali 510-471-2265 |
| Fri-Thu | Oct 04 to 09 | Los Angles, CA | Ramesh Khandhar 909-598-1777 |
| Fri-Thu | Oct 10 to 17 | Atlanta, GA | Santosh Kothari 770-992-0105 |
| Fri-Thu | Oct 18 to 24 | Lansdale, PA<br>Kingston, PA | Pravin Shah 215-362-5598<br>Jyotsana V. Shah 717-287-7457 |
| Fri-Sun | Oct 25-27 | Tampa, FL | Hasmukh M. Shah 813-376-7290 |

## Shri Subhash Sheth's lecture tour on Jainism in U.S.A.

| | | | |
|---|---|---|---|
| Mon-Tue | Oct 14 to 22 | Washington, DC | Dr. Manoj Dharamsi 703-620-9837<br>Rajni Gosalia 301-464-5947 |
| Wed-Wed | Oct 23 to 30 | Lansdale, PA | Pravin Shah 215-362-5598 |
| Thu-Fri | Oct 31-Nov 01 | Kingston, PA | Jyotsana V. Shah 717-287-7457 |
| Sat-Thu | Nov 02 to 07 | Phoenix, AZ | Dr. Kirit Gosalia 602-863-1073 |
| Fri-Thu | Nov 08 to 12 | Los Angles, CA | Ramesh Khandhar 909-598-1777 |
| Wed-Fri | Nov 13 to 15 | Tampa, FL | Hanmukh M. Shah 813-376-7290 |

For further information, please contact coordinator :--

Hanmukh M. Shah 8721 Scrimshaw Drive, New Port Richey, FL 34653 Phone 813-376-7290

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* આજ આકિંચનધર્મકા દિન હૈ ને! શરીર, ખાના-પીના, રાગ આદિ તો મેરા નહીં, લેકિન ઉત્પાદ-વ્યય પર્યાય ભી મેરી નહીં, ધ્રુવ-સ્વરૂપ હી મેરા હૈ. નિશ્ચયમોક્ષમાર્ગ પર્યાય-અંશ હોનેસે વ્યવહાર હોનેસે પરદ્રવ્ય હૈ, પરભાવ હૈ, હેય હૈ, ગજબ વાત હૈ! ગજબ વાત હૈ!! પ્રભુ તેરી લીલા કૈસી હૈ તુઝે ખબર નહીં હૈ! ૨૯.

* શરીર રાગ તો આત્મા નહિ પણ એક સમયની શુદ્ધ પર્યાય ક્ષાયિક પર્યાય પણ આત્મા નહિ, ખરેખર આત્મા તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમપારિણામિક ભાવ જ આત્મા છે. સંવર-નિર્જરા-મોક્ષ પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ, ઉપાદેય તો કારણપરમાત્મા જ છે. ૩૦.

* અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું...જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૩૧.

* શાસ્ત્રમાં તો એકલા તત્ત્વના સિદ્ધાંતો જ ભર્યાં છે. ભ્રાંતિ છોડીને નિર્ભ્રાંતપણે એમ ભાવના કર કે 'જે જિનેન્દ્ર છે તે જ હું છું.' અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ અવસ્થામાં હોવા છતાં હું પૂર્ણ અખંડ વીતરાગ છું, ભગવાન જ છું—એવી નિર્ભ્રાંત શ્રદ્ધા કરવી તેમાં ઘણો ઉગ્ર પુરુષાર્થ જોઈએ. કેટલું જોર હોય ત્યારે એવો નિર્ણય થઈ શકે! ૩૨.

* ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. ૩૩.

## □ હું જ્ઞાયક છું □

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્‌સન્મુખતા રહે છે; મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજી સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 ' Licensed to
Post without prepayment '

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A ૧૦૦ શ્રી દિલીપકુમાર આનંદીલાલ શાહ
" આનંદી મંગલમ " વાસણના વેપારી,
બાજવાડા, ઘોળીકૂઈ, મુ. વડોદરા